**સુવિચાર**
દરેક વ્યક્તિ પોતાને બદલી શકે છે અને પોતાની તકદીરનો માલિક બની શકે છે. આપણે જે કંઈ પણ છીએ તે આપણા વિચારોનાં કારણે છીએ.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૧/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિ ૐ PENDAWALA
એકાદશી નિમિતે
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૦૨૫

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ



GreenWoods
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં કોંગી આગેવાનો આક્રમક બન્યા

# પીડિત યુવતીને ન્યાયની સાથે ભ્રષ્ટાચારનો મુદ્દો પણ ઉછળ્યો

**પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ ૨૪ કલાકનાં ઉપવાસ શરૂ કરીને આંદોલનને આગળ વધાર્યુ**

**મોડી સાંજે યોજાયેલ જાહેરસભામાં ભાજપીઓ અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો થયા**

**છેલ્લા ૨ વર્ષથી જિલ્લામાં નિષ્ક્રીય થઈ ગયેલ કોંગ્રેસ પુનઃ ચેતનવંતી બની**

**રેતી ચોરી, દારૂનું દુષણ સહિતનાં મામલે પણ શહેરીજનોને જાણકારી આપી**





અમરેલી, તા. ૯

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં સતત બીજા દિવસે પણ પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીની આગેવાનીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં આગેવાનોએ આંદોલન શરૂ રાખેલ અને મોડી સાંજે જાહેરસભાને સંબોધન કરવામાં આવેલ.

નિર્દોષ યુવતીને ન્યાય આપવાની માંગ સાથે શરૂ થયેલ આંદોલન આજે વેગવંતુ બન્યું હતું અને મોડી સાંજે યોજાયેલ જાહેરસભામાં જિલ્લામાં ચાલતા ભ્રષ્ટાચાર મામલે પણ કોંગી નેતાઓએ ભાજપીઓ અને ભાજપ સરકારને આડેહાથ લીધી હતી અને પીડિત યુવતીને ન્યાયની સાથે વિવિધ પ્રકારનાં ભ્રષ્ટાચાર મામલે આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપવામાં આવી હતી.

અમરેલી જિલ્લામાં થયેલ કરોડો રૂપિયાની રેતીચોરી, હપ્તાબાજી, દારૂનું દુષણ સહિતનાં અનેક મામલે કોંગી નેતાઓએ શહેરીજનોને જાણકારી આપી હતી.

### રાજુલા-સાવરકુંડલા હાઈવે ઉપર આવેલ

# જાપોદર ગામ નજીક ટ્રક પલ્ટી મારી જતાં વીજળી પુરવઠો ખોરવાયો

**૧૪ કલાકની જહેમત બાદ વીજ પુરવઠો પૂર્વવત**



તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૯

રાજુલા-સાવરકુંડલા હાઈવે પર જાપોદર ગામ નજીક રાત્રિના દસ કલાક આસપાસ એક સિમેન્ટ ભરેલ ટ્રક રાજકોટ જઈ રહેલ હતો. ત્યારે અચાનક જાપોદર ગામ નજીક આ ટ્રકના ડ્રાઈવરે ટ્રક પર કાબુ ગુમાવતા આ ટ્રક પલ્ટી મારી જવા પામેલ. ત્યારે ઘટનાની જાણ થતાં આ રોડ પર લોકોના ટોળેટોળા એકત્રિત થયેલા. ત્યારે ઘટનાની જાણ જાપોદર ગામના સરપંચ મનુભાઈ ધાખડાને થતા મનુભાઈ ધાખડા સ્થળ પર દોડી આવેલા અને આ રોડ પર આ ટ્રક પલ્ટી મારતા વીજળીના તાર ઝાડ સાથે અથડાતાં વીજળીના તારો તૂટી જવા પામેલા. ત્યારે જાપોદર ગામનો વીજળી પુરવઠો ૧૪ કલાક સુધી બંધ રહ્યો હતો. જોકે આ અકસ્માતમાં નાની મોટી ઈજા સિવાય કોઈ જાનહાની થવા પામેલ નથી. ત્યારે સરપંચે રાજુલા પી.જી.વી.સી.એલ. કચેરીને જાણ કરતા તેમની ટીમ દ્વારા સતત ૧૪ કલાકની ભારે જહેમત બાદ ફરીથી આ વિસ્તારનો વીજળી પુરવઠો કાર્યરત થવા પામેલ છે.

### જેતપુર રોડ પરનું દબાણ દૂર થયા બાદ દબાણકર્તાઓમાં ફફડાટ

# બગસરાનાં દબાણકર્તાઓએ પાલિકાની નોટિસ બાદ સ્વયંભુ દબાણ દૂર કરવાનું શરૂ કરી દીધુ

**આગામી કલાકોમાં જ મોટાભાગનું દબાણ દૂર થાય તો નવાઈ નહી**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૯

બગસરા શહેરના જેતપુર રોડ પર દબાણ કરનાર વેપારીઓને બુધવારે નોટિસ પાઠવવામાં આવતા

**અનુસંધાન પાના ૬ ઉપર**

ક્રિષ્ના DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
69,300/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક & પોલીટ્રોમાં
આર્થ્રોસ્કોપીક સર્જરી
ગાયનેક - પ્રસુતિ
યુરોલોજી સર્જરી
જનરલ સર્જરી
લેપ્રોસ્કોપીક સર્જરી
જનરલ મેડીસીન
ક્રિટીકલ કેર
પોઈઝન સેન્ટર
આઈ.સી.યુ
એસ. આઈ. સી. યુ
ડાયાલીસીસ
શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
24 x 7 કલાક ઈમર્જન્સી સારવાર
સુવિધાઓ: કેશલેશ મેડીક્લેઈમ, GSRTC-ST માન્ય, અકસ્માત સહાય યોજના, આયુષ્માન ભારત યોજના
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
હોસ્પિટલ 02792-222223, 99782 23000 ઈમરજન્સી 9978293000

## જિલ્લામાંથી ખનિજ સંપદાની ચોરી કરીને અનેક રોડપતિઓ બની ગયા કરોડપતિ

# જિલ્લાની જનતા પાયમાલ અને ભ્રષ્ટ પદાધિકારીઓ માલામાલ

**જિલ્લામાં દર વર્ષે રાજ્ય અને કેન્દ્ર સરકારમાંથી વિકાસકાર્યો માટે આવતી ગ્રાન્ટનો પણ દુરૂપયોગ**

**જિલ્લામાં સરકારી માર્ગ બને કે બને મકાન કે અન્ય કોઈપણ વિકાસ કાર્ય થાય તેમાં લગભગ કટકી થતી હોય છે**

**જે રાજકારણમાં આવ્યા પહેલા સામાન્ય હતા તે ચૂંટાયા પછી અસામાન્ય બની ગયા**

**જિલ્લાની જનતા મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચારથી ત્રાહીમામ અને જનપ્રતિનિધિઓને ઘી–કેળા**

અમરેલી, તા. ૯

ગુજરાત રાજયને ડો. જીવરાજ મહેતારૂપી ભેટ આપનાર અમરેલી જિલ્લાની ૧૫ લાખની જનતા આજે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતની સમસ્યાથી ઘેરાયેલી છે. તેવા સમયે મોટાભાગનાં જનપ્રતિનિધિઓ કાળી કમાણી કરીને આલીશાન બંગ્લાઓ, ફાર્મ હાઉસ, અદ્યતન કારમાં ફરતાં જોવા મળી રહ્યા છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સર્વોપરી હોવાને બદલે જનપ્રતિનિધિઓ અને તેના કહીયાગરા અધિકારીઓ માલામાલ થયા છે. જનતા પાયમાલ થઈને મહાનગર તરફ સ્થળાંતર કરવા મજબુર બની છે.

ભાજપનાં આગેવાનોને સત્તા મળી હોય તેઓને જલ્સા અને અગાઉ કોંગ્રેસની સત્તામાં તેમનાં નેતાઓ કરોડો રૂપિયામાં આળોટતા થયા હતા. એટલે અમરેલી જિલ્લામાં કાળી કમાણી કરીને કરોડપતિ થવા માટે રાજકારણ એ બેસ્ટ વ્યવસાય બની ગયો હોવાથી જિલ્લાનું રાજકારણ હંમેશા ગરમ રહેતું હોય છે અને તેમાં કયારેય મંદી જ આવતી નથી.

અમરેલી જિલ્લામાં રાજય અને કેન્દ્ર સરકાર તરફથી દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ માર્ગ–મકાન, પુલ કે અન્ય કોઈ માળખાકીય સુવિધા વધારવા અપાતી હોય છે. જેમાં ૫ થી ૧૦ ટકાનું કમિશન અમુક જનપ્રતિનિધિઓ અને અમુક અધિકારીઓ મેળવી લઈને માત્ર ૨ થી ૫ વર્ષમાં કરોડપતિ બની જાય છે.

સાથોસાથ બાંધકામ એજન્સીઓને પણ બે–ચાર મોટા કામો કરવાની તક મળે એટલે તેઓ પણ આલીશાન કારમાં ફરતા થઈ જાય છે. જિલ્લાની કમનસીબી એ છે કે કોઈ વ્યકિત ઈમાનદારીથી નોકરી કે ધંધો કરે તો ઘરનું ગુજરાન મહામુસીબતે ચાલે છે અને જનપ્રતિનિધિઓ અને જનસેવકો વગર મહેનતે પરસેવો પાડયા વગર માત્ર ભાષણબાજી, સત્તાનો પાવર અને નાણા કમાવવાની અવનવી તરકીબ અજમાવીને ગણતરીનાં મહિનાઓમાં કરોડપતિ બની ગયા છે, કરોડપતિ બની રહ્યા છે.

જો જિલ્લાની જનતા જાગૃત્ત નહી બને તો જે રીતે સ્થળાંતર શરૂ થયું છે તેમાં ચોકકસ વધારો થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

---

### મઢડા, લુવારા, ગોરડકા સહિતનાં ગામનાં વિદ્યાર્થીઓમાં રોષ

## સાવરકુંડલાનાં વીજપડી ગામે બસની અનિયમિતતાને લઈને વિદ્યાર્થીઓમાં રોષ

**બસ સ્ટેન્ડ ખાતે વિદ્યાર્થીઓએ કર્યો ચક્કાજામ**

સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે વિદ્યાર્થીઓ દ્વારારસ્તો રોકી ચક્કાજામ કરવામાં આવેલ. વાત જાણે એમ છે કે વિદ્યાર્થીઓએ મઢડા, લુવારા, ગોરડકા, દેડકડી, રામગઢ વગેરે બસની અનિયમિતતા અને અનેક પ્રશ્નો મુદે રોડ રોકી વીજપડી બસ સ્ટેન્ડ ખાતે ચક્કા જામ કરેલો.



---

## પિપાવાવ : એપીએમ ટર્મિનલ્સે ઇન્ટર–વિલેજ સ્પોર્ટ્સ ડેનું સફળ આયોજન કરીને યુવાનોમાં ફિટનેસને પ્રોત્સાહન આપ્યું



પીપાવાવ, તા. ૯

પોર્ટ કામગીરીમાં ભારતની અગ્રણી કંપનીઓ પૈકીની એક એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે તેના ફલેગશીપ પ્રોજેકટ 'જ્ઞાન જયોત પ્રોજેકટ' અંતર્ગત સ્વામી વિવેકાનંદ ઈન્ટર–વિલેજ સ્પોટર્સ ઈવેન્ટનું આયોજન કર્યુ હતું. આ વાર્ષિક પહેલ આસપાસના ગામડામાં વિદ્યાર્થીઓ વચ્ચે ફિટનેસ, ટીમવર્ક અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાની કંપનીની કટીબદ્ધતાનો હિસ્સો છે.

સ્વામી વિવેકાનંદ ઈન્ટર–કોલેજ સ્પોટર્સ ઈવેન્ટ વિદ્યાર્થીઓને મૈત્રીપૂર્ણ સ્પર્ધા દ્વારા તેમની શારીરિક અને માનસિક સુખાકારી વધારવા માટે એક પ્લેટફોર્મ પૂરૂ પાડે છે, જેથી તેમનામાં નેતૃત્વ કૌશલ્ય અને મિત્રતાના ગુણો વિકસાવી શકાય. આ વર્ષે રામપરા, ભેરાઈ, પાદર, થાવી, દિવાલો, દેવપરા, કડિયાલી અને પીપાવાવ ધામ સહિત ગામડાઓની આઠ શાળાઓના ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગીદારી નોંધાવી હતી. સહભાગીઓએ કબડ્ડી, ખો–ખો, લાંબી અને ઊંચી કૂદ અને ૧૦૦ અને ૨૦૦ મીટર દોડ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક પોતાનું કૌશલ્ય દર્શાવ્યું હતું.

આ પહેલ આસપાસના સમુદાયોના વિકાસ માટે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની કટીબદ્ધતા દર્શાવે છે. આ સર્વાંગી અને અર્થસભર પહેલ દ્વારા કંપની આસપાસના ગામડાઓમાં યુવાનો અને પરિવારોના આરોગ્યમાં સુધારો કરવા કાર્યરત છે.

---

### સંત નિરંકારી ફાઉન્ડેશન દ્વારા

## જાફરાબાદનાં ભાડા ગામે રકતદાન શિબિર અને આધ્યાત્મિક સત્સંગ યોજાશે

**આગામી રવિવારે બપોરે ૧ થી ૫ સુધી કાર્યક્રમ**




તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૯

જાફરાબાદ તાલુકાના ભાડા ગામે રવિવારે સંત નિરંકારી ફાઉન્ડેશન દ્વારા રકતદાન શિબિર અને આધ્યાત્મિક સત્સંગ યોજાયો.

સંત નિરંકારી મીશન એક આધ્યાત્મિક વિચારધારા ધરાવતું મિશન છે સાથે વૃક્ષારોપણ, તેમજ કુદરતી આપત્તિ સમયે સમાજ તથા સરકારને મદદરૂપ બને છે રકતદાન કેમ્પનું આયોજન તો સમગ્ર વર્ષ દરમિયાન જુદી જુદી બ્રાન્ચોમાં કરવામાં આવતું હોય છે અત્યાર સુધી ૧૩ લાખથી પણ વધુ યુનિટનું રકતદાન મેળવી અનેકના જીવન બચાવવાનું ભગીરથ કાર્ય કરેલ છે.

આજ રીતે ભાડા ગામે સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજની અસીમ કૃપાથી તારીખ ૧૨/૧/૨૦૨૫ ભકિત પર્વ દિવસ નિમિત્તે રવિવારે બપોરે ૧:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી ભાડા પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પના આયોજનમાં ભાડા બ્રાન્ચના સંતોનો પૂર્ણ સહયોગ મળેલ છે તથા દાહોદથી મહાત્મા કાન્હાજી ગડરીયાની અધ્યક્ષતામાં સત્સંગનું આયોજન સાંજે ૬:૩૦ થી ૯:૦૦ કલાક સુધી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ વેરાવળ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ ભગવાનદાસ સોનૈયાના માર્ગદર્શન હેઠળ તેમજ ભાડા બ્રાન્ચના મુખી જીગ્નેશભાઈ મકવાણા તથા સમગ્ર વેરાવળ ઝોનના ભકતો સેવાદારની ટીમોએ સફળ બનાવવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે તેમ કોડીનારથી નિપુલકુમાર મેરની યાદીમાં જણાવાયું છે.

આ પરોપકારી તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં ભાડા ગામના તમામ સમાજના આગેવાનો અગ્રણીઓ પદાધિકારીઓ તેમજ યુવા સંગઠન અને સામાજીક સંસ્થાઓએ પણ ભરપૂર સહયોગ આપવા ખાત્રી આપેલ છે.

---

### સ્વચ્છતા અભિયાનને અને એસ.ટી. વિભાગને કોઈ લેવા દેવા નથી

## સાવરકુંડલાનાં એસ.ટી. ડેપોમાં પાણીની અછત, બેફામ ગંદકી અને રખડતા પશુઓની સમસ્યા : શાસકો ચુપ

**ઉચ્ચકક્ષાએથી સ્વચ્છતાનો કાર્યક્રમ આવે ત્યારે માત્ર ફોટોસેશન થયા કરે**



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા એસ.ટી. ડેપોનીસ્થિતિદિનપ્રતિદિનવધુબગડતી જાય છે. આ ડેપોમાં પ્રવાસીઓ અને કર્મચારીઓ માટે પીવાના પાણીની સુવિધાનો અભાવ છે. ડેપો પરિસરમાં રખડતા ઢોરોનો ત્રાસ સતત વધી રહ્યો છે જેના કારણે પ્રવાસીઓ અને કર્મચારીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ ઉપરાંત, ડેપો પરિસરમાં ગંદકીનું પ્રમાણ ચિંતાજનક સ્તરે પહોંચ્યું છે.

આ બધુ હોવા છતાં જવાબદાર અધિકારીઓ આ ગંભીર પરિસ્થિતિ પ્રત્યે ઉદાસીન લાગે છે. એવું લાગે છે કે તેઓ આ બાબતો પર આંખ આડા કાન કરી રહ્યા છે. આ સંદર્ભમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બેજવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં લે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. તેમજ સાવરકુંડલા એસ.ટી. ડેપોમાં તાત્કાલિક પીવાના પાણીની સુવિધા ઉભી કરવામાં આવે અને ડેપો પરિસરમાંથી રખડતા ઢોરોને દૂર કરવા માટે કડક પગલાં લેવામાં આવે.

ડેપો પરિસરને સ્વચ્છ રાખવા માટે નિયમિત સફાઈની વ્યવસ્થા કરવામાં આવે. આ મામલે બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તેવી માંગ કરવામાં આવી છે.

---

## ધાવડીયા ગામે વાડીનાં શેઢા બાબતે વૃધ્ધ ખેડૂતને ધમકી

અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાના તાતણીયા ગામે રહેતા રામજીભાઈ અરજણભાઈ ટાપણીયા નામના ૬૪ વર્ષિય ખેડુત પોતાની ધાવડીયા ગામે પાતળા રોડે તળાવ વાળા ઢોરા તરીકે ઓળખાતા વિસ્તારમાં વડીલોપાર્જીત મળેલ જમીને ગયેલ. ત્યારે પોતાના ખેતરની બાજુમાં આવેલ સામાવાળા રવજીભાઈ મનજીભાઈ ટાપણીયાની જમીન આવેલ છે. જે જમીન સામાવાળા વિપુલભાઈ દુર્લભભાઈ હડીયાને વેચાતી આપેલ છે. તે જે.સી.બી. લઈને આવી પોતાની વાડીનો શેઢો ખોદતા હોય. જેથી તેને વૃધ્ધ ખેડૂતે અટકાવતા સામાવાળાઓએ વૃધ્ધ ખેડૂતને જેમ ફાવે તેમ ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

## ડુંગર ગામે જયા નજર કરો ત્યાં ઉભરાતી ગટરનાં વહેતા પાણી



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૯

રાજુલા તાલુકાના ડુંગર ગામની મેઈન બજાર, હવેલી ચોક, મંગળશેરી, કલ્યાણ નગર સહિત અનેક વિસ્તાર, એરીયાઓમાં નર્મદાની લાઈન લીકેજના લીધે અને ડુંગર ગ્રામ પંચાયત ગટર કામગીરીથી વંચિત હોય અથવા તો ડુંગર ગામની જનતાને માહિતી ન હોય તેવો નઝારો ડુંગર ગામમાં દેખાઈ આવે છે. ઉભરાતી ગટર, ઉબડખાબડ રોડના કારણે સ્કૂલ તેમજ હાઈ સ્કૂલે જતા વિદ્યાર્થીઓ અને આમ નાગરિકોને હાલાકીનો અંત કે પછી બીજી સુવિધા માટે ડુંગર ગામની જનતા ઝંખી રહી છે. ડુંગર ગામની જનતા નરી આંખે જોઈ રહી હોય તેવો પણ વિડીયો જાગૃત નાગરિકના કેમેરામાં કેદ થયો. રાજુલા વિસ્તારમાં ડુંગર ગામની પંચાયત ત્રિજયામાં પણ મોટી વસ્તીમાં પણ મોટી સરકારી સેવાઓમાં પણ મોટી છતાં પણ ડુંગર ગામની જનતા અંતિ દુ:ખ થી ત્રાહિમામ પોકારી ગઈ હોય તેવું હવે લોકોના મુખે ચર્ચાઈ રહ્યું છે.

---

### દોરી પાવા માટે અત્યારથી બુકિંગ થવા લાગ્યું

## રાજુલામાં પતંગના ૧૦૦ જેટલા સ્ટોલ અને દોરી રંગવાની દુકાનો શરૂ

**આટલા વર્ષમાં સહુ પ્રથમવાર માહોલ જોવા મળ્યો**



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૯

રાજુલા શહેરમાં જેમ મકરસંક્રાંતિ નજીક આવી રહી છે ગણતરીના દિવસો બાકી છે ત્યારે જયાં જુઓ ત્યાં ઠેર ઠેર પતંગ દોરી તેમજ કલર પાવાની ચરખા જોવા મળી રહી છે આ વખતે નવાઈની વાત એ છે કે દર વર્ષે પતંગ વેચનારા કહે છે કે રાજુલામાં પાંચથી પંદર જેટલહ જ લોકો દોરીને પાવા માટે હતા તેના બદલે આ વખતે અંદાજિત ૩૫ જેટલા જોવા મળી રહ્યા આ વખતે રાજુલામાં એક મહિના પહેલા દોરી પાવા વાલા તૈયાર થઈ ગયેલા કલર પાવા માટેની સ્પેશિયલ કારીગર દ્વારા લોખંડની ચરખો જે દોરીનું કલર પાવાનું કામ કરે છે ત્યાં દોરી તૈયાર મૂકવામાં આવી છે જેને કારણે જયાં પતંગ લેવા જાવ ત્યાં દોરી કલર હાજરમાં મળે છે જે દોરીઓ ૨૦૦ રૂપિયાથી માંડી ૨૦૦૦ રૂપિયા સુધીની મળે છે તેમજ વિવિધ જાતના દોરા સુરતી દોરા તથા પાંડા દોરા તથા સાકર તથા ચેલેન્જ દોરી તથા સુપ્રીમ દોરી વિવિધ જાતોની દોરીઓ હાલ માર્કેટમાં આવેલ છે જેની કિંમત ૨૦૦૦ સુધીની હોય છે જયારે પતંગની કિંમત ૨૦ રૂપિયાથી ૫૦૦ રૂપિયા સુધીના તેમાં પણ ખંભાતના પતંગના સૌથી ઊંચા ભાવ હોય છે બીજી તરફ સરકારની સૂચનાથી જે ડોબારા જેમાં લાઈટ દીવો મૂકવામાં આવતો હતો તે આ વર્ષથી સંપૂર્ણ બંધ થઈ ગયો છે પતંગની સાઈઝ એક ફૂટથી પાંચ ફૂટ સુધીના પતંગ જોવા મળે છે આવા સ્ટોર જે લોકો રિક્ષા ચલાવતા હોય તથા મજૂરી કરવા વાળા અથવા દુકાનની બહાર શટર નાખીને આવા અનેક પતંગના સ્ટોલ જોવા મળે છે આ વખતે પપૂડા અને પંખા વાળી સોલારવાળી ટોપી જે રાત્રિના કલરમાં ચમકતી હોય છે તેવી વધુ પડતી જોવા મળે છે અને બાળકો માટે આ ટોપીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે આખરે જેમ મકરસંક્રાંતિ નજીક આવતી રહી તેમ અત્યારથી જ પતંગો ઠેર ઠેર આકાશમાં ઊંચાઈ જોવા મળે છે અને ઈલેકટ્રીકના થાંભલામાં ભરાયેલા આકાશમાં જોવા મળે છે જેને કારણે મકરસંક્રાંતિના દિવસે વીજળી પુરવઠો બંધ કરી દેવામાં આવે છે પાંડાનો પોશાક પહેરીને દુકાનદારો પોતાની દુકાને ગ્રાહકો આવે તે આકર્ષણ માટે પહેરે છે જે દુકાન માલિક આ પાંડાનો પોશાક પેરી પતંગનું વેચાણ કરી રહ્યો છે જેથી ગ્રાહકો આવી દુકાને વધુ આકર્ષાય છે મકરસંક્રાંતિ હોય ત્યારે રાજુલા શહેરની મુખ્ય બજારોમાં શેરડીનું વેચાણ ધૂમ મચાવે છે રાજુલા પોલીસ સતત ટ્રાફિકનું પેટ્રોલિંગ કરતી હોય છે ત્યારે મકરસંક્રાંતિ આવે ત્યારે રાજુલા શહેરની રોનક કંઈક અનોખી જ જોવા મળે છે.

---

### તા.૧૦મીએ જિલ્લા કલેકટર અજય દહિયાના હસ્તે

## લાઠી ખાતે નવી સબ રજિસ્ટ્રાર કચેરીનું ઉદ્દઘાટન : કચેરીના પરિસરમાં વૃક્ષારોપણ

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના હસ્તે તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ને શુક્રવારના રોજ લાઠી ખાતે નવી સબ રજિસ્ટ્રાર કચેરીનું ઉદ્દઘાટન થશે. લાઠી પ્રાંત કચેરીની બાજુમાં નવી સબ રજિસ્ટ્રાર કચેરી બપોરના ૧૨ કલાકે જિલ્લા કલેકટર ખુલ્લી મુકશે. આ સાથે કચેરીના પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવશે, તેમ અમરેલી નોંધણી નિરિક્ષકએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સૌરાષ્ટ્રભરમાં કાઠી ક્ષત્રિય સમાજમાં ચર્ચાસ્પદ બનેલ ગુન્હાનાં આરોપીને સજા અપાવવા

# બોટાદ પંથકનાં ચકચારી મર્ડર કેસમાં સ્પે. પી.પી. તરીકે એડવોકેટ ઉદયન ત્રિવેદી

**એડવોકેટ ઉદયન ત્રિવેદી ઘણા કિસ્સામાં સ્પે. પી.પી. તરીકે સફળતાપૂર્વકની કામગીરી કરી ચુકયા છે**

**ગુજરાત સરકારનાં લીગલ ડિપાર્ટમેન્ટ દ્વારા કરાઈ નિમણૂંક**

**આરોપીને કડક સજા કરાવી હોય જેની નોંધ લઈ સરકારે ફરી વખત નિમણૂંક કરી**

**અમરેલી જિલ્લા બાદ એડવોકેટ ઉદયન ત્રિવેદીની ઓળખ સમગ્ર સૌરાષ્ટ્ર સુધી પહોંચી છે**



અમરેલી, તા. ૯

બોટાદ જિલ્લાનાં મર્ડરનાં ચકચારી કેસમાં સ્પેશ્યલ પી.પી. તરીકે ગુજરાત સરકારનાં લીગલ ડિપાર્ટમેન્ટ ધ્વારા અમરેલીનાં એડવોકેટ ઉદયન ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી છે.

તેઓ ધ્વારા ઘણા કિસ્સામાં સ્પે. પી.પી. તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી આરોપીઓને સજા કરાવેલ હોય તેમની નોંધ લઈ સરકાર ધ્વારા ફરી વખત મર્ડર કેસમાં સ્પે. પી.પી. તરીકે વરણી કરવામાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, તા. ૧૧/૬/૨૦૨૪નાં રોજ રામકુભાઈ જીલુભાઈ ખાચર તથા તેમના પિતા જીલુભાઈ ખાચર મોટર સાયકલ લઈને વાડીએ ગયેલ ત્યાંથી હડદડ રોડે થઈ પરત આવતા હતા ત્યારે ચામુંડા લોજ પાસે પહોંચતા કાનીયાડ ચોકડી તરફથી એક ફોર વ્હીલ સફેલ કલરની જેમાં બે અજાણ્યા માણસો તથા તેની પાછળ બે મોટર સાયકલમાં રાજુભાઈ અનકભાઈ ખાચર તથા સજવીરભાઈ શીવકુભાઈ ખાચર તથા યોગીરાજભાઈ રણજીભાઈ ખાચર તથા એક અજાણ્યો માણસ એમ છ જણાએ એકસંપ કરી લોખંડના પાઈપો તથા કુહાડી જેવા હથીયારો ધારણ કરેલ. જેમાં રાજુભાઈના હાથમાં કુહાડી તથા સજવીરભાઈના હાથમાં લોખંડની પાઈપ તથા યોગીરાજભાઈના હાથમાં લોખંડની પાઈપ હતી. જેમાં સજવીરભાઈએ તે પાઈપથી ફરિયાદીને મારેલ તથા યોગીરાજભાએ પણ લોખંડની પાઈપથી પગમાં ઘા મારેલ અને રાજુભાઈએ કુહાડીના ઘા મારેલ તથા રાજુભાઈની સાથે આવેલ અજાણ્યા માસણો ફરિયાદીના પિતાજીને ગોઠપ ઉપર મારેલ અને રાજુભાઈએ કુહાડીના ઘા મારેલ હતા. ત્યારબાદ આ કામના ફરિયાદી તથા ઈજા પામનારને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા અને પોલીસે આ કામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબની ફરિયાદ નોંધેલ હતી.

આ કામે ગુન્હો નોંધાયા બાદ ફરિયાદી તથા ઈજા પામનારની ઈજા વધુ ગંભીર જણાતા બોટાદ તથા ફરિયાદીના પિતાને બોટાદથી ભાવનગર તથા ત્યારબાદ રાજકોટ ખાતે રીફર કરવામાં આવેલ હતા. જયાં ફરિયાદીના પિતા જીલુભાઈ આપાભાઈ ખાચરનું સારવાર દરમિયાન અવસાન થયેલ હતું. જેથી પોલીસ તરફથી આ કામે આઈપીસી કલમ-૩૦૨નો ઉમેરો કરવામાં આવેલ હતો.

બોટાદના એસપી બરોલીયાનાં સીધા માર્ગદર્શન નીચે સઘન તપાસ શરૂ કરેલી અને બનાવના સ્થળની આજુબાજુમાંથી તથા બનાવમાં ખુલેલ વાહન સંદર્ભે જીણવટભરી તપાસ કરેલ. એસપીનાં માર્ગદર્શન નીચે પાળીયાદના પીએસઆઈ એમ.પી. જાંબુચા તથા તેમની ટીમે આરોપીઓની ધરપકડ કરેલી અને સઘન તપાસ કરેલી તેમજ ત્યારબાદની તપાસ પીએસઆઈ એન.જી. પરમાર તરફથી કરવામાં આવેલી અને તપાસ દરમિયાન ફરિયાદમાં નામ ખુલેલ તે તથા અજાણ્યા ઈસમો બાબતે તપાસ કરી (૧) રાજુભાઈ અનકભાઈ ખાચર, (૨) સજવીરભાઈ શીવરાજભાઈ ઉર્ફે શીવકુભાઈ ખાચર, (૩) યોગીરાજ રણુભાઈ ઉર્ફે રણજીતભાઈ ખાચર, (૪) યશરાજભાઈ લખધીરભાઈ ઉર્ફે લગધીરભાઈ માંજરીયા, (૫) ઉદયભાઈ અજીતભાઈ ખાચર, (૬) કુલદીપભાઈ ધીરૂભાઈ ખાચર એમ કુલ ૬ વ્યકિત સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૩૦૨ તથા ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ કેસ બોટાદ જિલ્લાનાં પાળીયાદ તાલુકામાં કાઠી સમાજના જીલુભાઈ આપાભાઈ ખાચર તથા તેમના દિકરા રામકુભાઈ જીલુભાઈ ખાચર પર આ કામના આરોપીઓ ધ્વારા એકસંપ કરી જીવલેણ હુમલો કરી તેમને પ્રાણઘાતક ઈજા પહોંચાડેલ અને તેમાં જીલુભાઈ આપાભાઈ ખાચરનું ખૂન થયેલ હોય અને જેમાં આરોપીઓએ અગાઉ થયેલ ઝઘડાનાં મનદુઃખ કારણે હાલના બનાવને અંજામ આપેલ હોય અને આ બનાવ હાલ સમગ્ર બોટાદ પંથકમાં તથા સમગ્ર સૌરાષ્ટ્રમાં કાઠી સમાજમાં ચર્ચાસ્પદ બનેલ હોય અને જેમાં પોલીસે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન નીચે સઘન તપાસ કરી ચાર્જશીટ કરેલ છે.

સરકારે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગુજરાત સરકારના લીગલ ડિપાર્ટમેન્ટ ધ્વારા આ કામે સ્પેશ્યલ પી.પી. તરીકે અમરેલીનાં સીનીયર અને બાહોશ એડવોકેટ કે જેમણે ઘણા કિસ્સામાં સ્પે. પી.પી. તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી આરોપીઓને સજા કરાવેલ છે તેવા એડવોકેટ ઉદયન ત્રિવેદીની ખાસ સરકારી વકીલ તરીકે નિમણૂંક ગુજરાત સરકાર તરફથી તા. ૨૩/૧૨/૨૦૨૪નાં રોજ કરવામાં આવેલ છે અને તંત્રનાં સબંધિત તમામ ડિપાર્ટમેન્ટને જાણ કરેલ છે.

---

### આર.ટીઓ ડિપાર્ટમેન્ટ તથા જિલ્લા પોલીસ ટ્રાફિક શાખા દ્વારા

## અમરેલી : માર્ગ અકસ્માતનાની ઘટનાને લઈને રોડ સેફટી કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૯

ભારત સરકાર દ્વારા માર્ગ અકસ્માતના ઘટાડા અને રોડ સેફટી અર્થે વિવિધ કામગીરી તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે, જે અનુસંધાને ભારત સરકાર દ્વારા દર વર્ષે નેશનલ રોડ સેફટી મંથ/વિકની ઉજવણી કરવામાં આવે છે અને રોડ સેફટીને પ્રમોટ કરવામાં આવે છે.

૧ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી દરમિયાન નેશનલ રોડ સેફટી મંથ-૨૦૨૫ની ઉજવણી કરવાનું નક્કી થયેલ છે. જે અંતર્ગત અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં આવેલી શાંતાબા કન્યા વિદ્યાલય, અમૃતબા વિદ્યાલય તેમજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા લીલીયા ખાતે તા. ૭ ,૮ તેમજ ૯ જાન્યુઆરીના રોજ અનુક્રમે નેશનલ રોડસેફટી મંથ-૨૦૨૫ અંતર્ગત એ.આર.ટી.ઓ. અમરેલી તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા રોડ સેફટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રોડ સેફટી વિષયક ચિત્ર સ્પર્ધા નિબંધ લેખન તેમજ વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેમાં સારા પ્રદર્શન કરનારને નંબર મુજબ સર્ટીફીકેટ તેમજ ઈનામ આપવામાં આવેલ. અને છેલ્લે માર્ગ સલામતી વિષયક પ્રતિજ્ઞા લેવડાવવામાં આવેલ અને રોડ સેફટી અંગે માહિતગાર કરી મિત્રો, પરિવાજનોને રોડ સેફટી વિષયક માહિતીનો પ્રચાર કરવાનું જણાવવામાં આવેલ હતું.

---

## રાજુલામાં મુખ્યમંત્રી આવીને ગયા પણ શહેરના સ્પીડ બ્રેકર ગુમ



તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૯

રાજુલા શહેરમાં અકસ્માતોની ઘટનાઓ વારંવાર બનતી હોવાથી રાજુલા શહેરમાં હોસ્પિટલ ચોક, માર્કેટિંગ યાર્ડ, એસ.ટી. બસ સ્ટેન્ડ તેમજ જલારામ લોહાણા મહાજન વાડી, કોહીનુર હોટલ સહિત વિવિધ જગ્યાઓ ઉપર સ્પીડબ્રેકર બનાવવામાં આવેલા. પરંતુ થોડા સમય પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજુલા શહેરના એક ખાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તે સમયે મુખ્યમંત્રી કાફલાને તેમજ વાહનોને અડચણરૂપ ન થાય તે માટે રાજુલા શહેરના તમામ સ્પીડબ્રેકર હટાવવામાં આવેલા. પરંતુ આજે આ સ્પીડબ્રેકર હટાવ્યાને ઘણો લાંબો સમય થવા આવ્યો છે. ત્યારે આ સ્પીડબ્રેકર ન હોવાના કારણે એસ.ટી. બસ સ્ટેન્ડ તેમજ હોસ્પિટલ ચોક નજીક અવાર નવાર અકસ્માત થવાની ઘટનાઓ બને છે અને અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ત્યારે આ સ્પીડબ્રેકર હવે કોણ બનાવશે ?

ઘણા સમય પહેલા રાજુલા શહેરની ખાનગી શાળાઓના સંચાલકોએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને સ્પીડ બ્રેકર શાળાઓ પાસે મૂકવાની રજૂઆત કરેલી. ત્યારે ધારાસભ્યએ સૂચના આપતા તમામ ખાનગી શાળાઓ પાસે રાતોરાત સ્પીડબ્રેકર બનાવવામાં આવેલા અને ત્યારે આ બનાવવામાં આવેલ સ્પીડ બ્રેકરો પણ મુખ્યમંત્રી આવ્યા ત્યારે હટાવવામાં આવેલા. તો હવે આ સ્પીડ બ્રેકરો ફરીથી નવા બનાવવા માટે રાજુલાના આ જાગૃત અને જાબાજ ધારાસભ્ય જાગૃત થશે ખરા ? તેવું રાજુલા શહેરના લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. કે પછી કોઈનો જીવ જશે ત્યારે તંત્ર જાગશે ?

---

### સ્થાનિક પીએસઆઈ રાઠોડ દ્વારા

## બાબરા : ખેલ મહાકુંભમાં વિદ્યાર્થીઓને ચાઈનીશ દોરી અને તુક્કલ અંગે સમજ અપાઈ

**ચાઈનીશ દોરીનો ઉપયોગ ન કરવા સમજણ અપાઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૯

બાબરા પોલીસ સ્ટેશન દ્વારા અહીં કમળશી હાઈસ્કૂલ ખાતે આયોજિત ખેલ મહાકુંભ માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો નો એક ઉત્તરાયણ પર્વ પર એક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું બાબરા પી એસ આઈ આર વી રાઠોડ દ્વારા તાલુકા ના તમામ બાળકો વિદ્યાર્થીઓ તેમજ નાના મોટા સૌ કોઈ ને જણાવ્યું હતુ કે આવનારા દિવસોમાં ઉતરાય નું પર્વ આવી રહ્યું છે આ પર્વ પરિવાર સાથે તમામ લોકો શાંતિ થી મોજ આનંદ થી ઉજવણી કરે તેવા અનુરોધ સાથે જણાવ્યું હતું કે હાલ ચાઈનીઝ દોરી અને ટુકકલ નો ઉપયોગ વધી રહ્યો છે જે પ્રતિબંધ છે તેનો ઉપયોગ સંદતર ટાળવા માટે સો આગપ આવે પીએસઆઈ દ્વારા વધુમાં જણાવ્યું હતું ચાઈનીઝ દોરી ખુબજ જીવલેણ નીવડે છે અને તે ગેરકાયદેસર છે જે લોકો તેનો ઉપયોગ કરશે વેચાણ કરશે તો ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે તાલુકામાં કોઈ જગ્યાએ આવી ચીજ વસ્તુઓ નો ઉપયોગ થતો હોય તો પોલીસ સ્ટેશનમાં જાણ કરવા પણ જણાવ્યું હતું


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















ન ભુતો.. ન ભવિષ્યતી.. આપના સપનાનું ઘર વસાવવાની સુવર્ણ તક..
શ્રીજી નગર - ૧
સ્થળ : લાઠી રોડ, ધરમનગર પાછળ, શિવમ્ રેસીડેન્સીની બાજુમાં, અમરેલી
■ દરેક બાથરૂમમાં નળ તેમજ સાવર ■ દરેક રૂમ તેમજ હોલમાં પી.ઓ.પી. લાઈટ તેમજ તમામ પ્રકારનું લાઈટીંગ
■ ૩ બેડ રૂમ, હોલ, કિચન વાળુ મકાન ■ મજબુત બાંધકામ
■ સ્ટાન્ડર્ડ કવોલીટીનાં ઓઈલ પેન્ટ ■ ગટર કનેકશન
■ સ્વતંત્ર પાણી દાર તેમજ નગરપાલિકા દ્વારા પાણી સુવિધા ■ ગેસ પાઈપલાઈન
■ મોટી વિશાળ કાર પાર્કિંગ સુવિધા ■ ૫ મીટર પહોળાઈ તેમજ ૧૬ મીટર ઉંડાઈ
■ આગળ ૩૦ મીટર પહોળા પાકા સીમેન્ટ રોડ ■ ગેઈટ વાળી સોસાયટી
■ ગરમ પાણીનું સોલાર સાથે ■ સંપુર્ણ હવા ઉજાસ સાથે... તો આજે જ જોવા પધારો...

: સંપર્ક :
આપુભાઈ : ૭૦૧૯૮ ૫૩૭૪૦
જયમલભાઈ : ૯૯૦૪૦ ૬૧૫૯૬
વિમલભાઈ : ૯૮૨૪૯ ૯૩૨૭૭

### નવો સ્ટ્રેન મળી આવતા ભારતની પણ ચિંતા વધી

# HMPV બાદ હવે ચીનમાં Mpox વાયરસનો નવો સ્ટ્રેન મળતા હડકંપ

## ગત વર્ષ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન તરફથી ગ્લોબલ પબ્લિક હેલ્થ ઇમરજન્સી જાહેર કરાયા બાદ આ વાયરલ સંક્રમણ અનેક દેશોમાં ફેલાય રહ્યો છે

નવી દિલ્હી, તા.૯

ચીનમાં HMPV સંક્રમણને લઈને અફરાતફરી મચી છે, આ વચ્ચે હવે એક નવા વાયરસના નવા સ્ટ્રેને હડકંપ મચાવ્યો છે. ચીનના સ્વાસ્થ્ય અધિકારીઓએ ગુરૂવાર (૯ જાન્યુઆરી, ૨૦૨૫)ના રોજ કહ્યું કે, તેમણે નવા Mpox (મંકીપોક્સ) સ્ટ્રેન ક્લેડ આઈબીની ઓળખ કરી છે. ગત વર્ષ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) તરફથી ગ્લોબલ પબ્લિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરાયા બાદ આ વાયરલ સંક્રમણ અનેક દેશોમાં ફેલાય રહ્યો છે. જણાવી દઈએ કે, ચીનમાં HMPV અને Mpoxનું સંક્રમણ વધતાં ભારતની ચિંતા પણ વધી છે. રૉયટર્સના રિપોર્ટ અનુસાર, ચીનના રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર તરફથી કહેવાયું છે કે, મંકીપૉક્સના ક્લેડ ૧બી કાંગો સહિત કેટલાક આફ્રીકન દેશોમાં પહેલાથી જ ત્યાં સક્રિય છે. અહીં એક વિદેશી વ્યક્તિથી સંક્રમિત થઈને શરૂ થયો હતો. વિદેશી નાગરિકના સંપ્રકમાં આવ્યા બાદ ચાર નવા કેસ નોંધાયા છે. દર્દીના લક્ષણ હળવા છે. તેમની સ્કિન પર દાણા અને ફોલ્લી જોવા મળી છે.ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે કહ્યું કે, Mpoxને કેટેગરી બી સંક્રામક રોગ તરીકે મેનેજ કરાશે. અધિકારી ઈમરજન્સી ઉપાય કરી શકશે. જેમ કે ભીડને રોકવી, કામ અને શાળામાં રજા જાહેર કરવી અને બીમારી ફેલાવા પર વિસ્તારને સીલ કરવો.' ચીને ગત વર્ષ ઓગસ્ટમાં કહ્યું હતું કે, તે દેશમાં એન્ટ્રી કરનારા લોકો અને સામાનો પર Mpoxની તપાસ કરાશે. થોડાક દિવસો પહેલા સ્વાસ્થ્ય મંત્રાલયની બેઠકમાં એ વાત સામે આવી હતી કે, મંકીપોક્સ સામાન્ય રીતે બેથી ચાર અઠવાડિયાનું સંક્રમણ હોય છે અને દર્દી યોગ્ય સારવારથી સ્વસ્થ થઈ જાય છે. આ વાઈરસ સંક્રમિત વ્યક્તિની સાથે લાંબા સમય સુધી નિકટ સંપર્ક, જાતીય સંપર્ક, થૂંક જેવા પ્રવાહી પદાર્થના માધ્યમથી, શરીર સાથે સંપર્ક અથવા સંક્રમિત વ્યક્તિના કપડાંનો ઉપયોગ કરવાથી ફેલાઈ શકે છે.વાયરસ સંક્રમિત વ્યકિતની લાર અને નાક વડે કે ખાંસે ત્યારે થુંકની માઈક્રો બુંદ દ્વારા હવામાં ફેલાય છે. આ ઉપરાંત ગર્ભવતી મહિલા થકી તેમના બાળકને થવાની શકયતા રહે છે. ગાલો પર લાલ દાણા, સાંધાનો દુખાવો, હળવો તાવ, થાક, માથાના દુખાવો અને મસલ પેઈન વગેરે લક્ષણો જોવા મળે છે. કોરોના વાયરસની જેમજ આસપાસ સ્વચ્છતા રાખવી, હાથ પગ ધોતા રહેવું તથા સંક્રમિત વ્યકિતથી દૂર રહેવું તે જ ઉપાય છે.

### સમાજવાદી પરિવારમાં શોકની લહેર

# અખિલેશ યાદવના કાકા રાજપાલસિંહ યાદવનું નિધન

## અખિલેશના કાકા રાજપાલ સિંહ યાદવનું ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થયું

લખનૌ, તા.૯

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના કાકા રાજપાલ સિંહ યાદવનું નિધન થયું છે. અખિલેશ યાદવના કાકા રાજપાલ સિંહ યાદવનું ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થયું. તેઓ લાંબા સમયથી બીમાર હતા. આજે ગુરુવારે (૯ જાન્યુઆરી) સવારે ૪ વાગ્યે તેમનું અવસાન થયું. તેમના અંતિમ સંસ્કાર તેમના પૈતૃક ગામ સૈફઈમાં કરવામાં આવશે.આ દરમિયાન, સપા નેતા અને તેમના ભાઈ રામ ગોપાલ યાદવે રાજપાલ સિંહ યાદવના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. રામ ગોપાલ યાદવે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું, "ખૂબ જ દુઃખ સાથે હું તમને જાણ કરું છું કે મારા નાના ભાઈ રાજપાલ સિંહનું આજે સવારે ૪ વાગ્યે ગુડગાંવની મેદાંતા હોસ્પિટલમાં અકાળે અવસાન થયું છે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે અને તેમને તેમના ચરણ કમળમાં સ્થાન આપે. ઓમ શાંતિ!"

સપા વડાના કાકા રાજપાલ યાદવ ઘણા સમયથી બીમાર હતા, ત્યારબાદ તેમને ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. પરંતુ ગુરુવારે સવારે, તેઓ જીવનની લડાઈ હારી ગયા અને અંતિમ શ્વાસ લીધા. રાજપાલ યાદવના નિધન બાદ સમગ્ર સમાજવાદી પરિવારમાં શોકનો માહોલ છે. સવારથી જ લોકો તેમના ઘરે આવવા લાગ્યા છે.રાજપાલ યાદવના પાર્થિવ શરીરને આજે ગુરુગ્રામથી તેમના પૈતૃક ગામ સૈફઈ લઈ જવામાં આવશે. જ્યાં તેમના પાર્થિવ શરીરને અંતિમ સંસ્કાર માટે થોડા સમય માટે રાખવામાં આવશે. જોકે, તેમના અંતિમ સંસ્કાર આજે થશે કે નહીં તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થઈ નથી. તમને જણાવી દઈએ કે અખિલેશ યાદવના પિતા મુલાયમ સિંહ યાદવને પાંચ ભાઈઓ હતા. આ પાંચ ભાઈઓમાં રાજપાલ સિંહ યાદવનું નામ ચોથા ક્રમે આવે છે. રાજપાલ યાદવ મુલાયમ સિંહ કરતા નાના અને શિવપાલ યાદવ કરતા મોટા હતા. શિવપાલ યાદવ સૌથી નાના ભાઈ છે. રાજપાલનો પુત્ર અંશુલ પણ રાજકારણમાં સક્રિય છે. અંશુલ સતત બીજી વખત જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા છે. રાજપાલની પત્ની પ્રેમલતા યાદવ પણ રાજકારણી રહી છે. પ્રેમલતાએ ૨૦૦૫ માં રાજકારણમાં પ્રવેશ કર્યો. તે યાદવ પરિવારની પહેલી મહિલા હતી જેણે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. જોકે, બાદમાં શિવપાલ સિંહ યાદવની પત્ની સરલા યાદવ, અખિલેશની પત્ની ડિમ્પલ યાદવ અને પ્રતીક યાદવની પત્ની અપર્ણા યાદવે રાજકારણમાં પ્રવેશ કર્યો.

### યોગી સરકારનો મોટો નિર્ણય

# સંભલમાં ૧૯૭૮માં થયેલા તોફાનોની ફરી તપાસ કરાશે

## એક સપ્તાહમાં રિપોર્ટ સોંપવા માટે કહેવામાં આવ્યું છે

લખનઉ,તા. ૯

ઉત્તર પ્રદેશ સરકારે સંભલમાં ૧૯૭૮ના રમખાણોની નવેસરથી તપાસના આદેશ આપ્યા છે. આ સાથે પોલીસને એક સપ્તાહમાં રિપોર્ટ સોંપવા માટે કહેવામાં આવ્યું છે. પોલીસ અધિક્ષક (SP) ને નાયબ સચિવ, ગૃહ (પોલીસ) વિભાગ તરફથી એક પત્ર મળ્યો, જેમાં તપાસનું નેતૃત્વ કરવા માટે વધારાના પોલીસ અધિક્ષક (ASP) ની નિમણૂક કરવામાં આવી છે. વધુમાં, એસપીએ જિલ્લા મેજિસ્ટ્રેટ (ડીએમ) ને એક પત્ર લખીને સંયુક્ત તપાસ માટે વહીવટી અધિકારીની નિમણૂક કરવાની વિનંતી કરી છે.

મહત્વનું છે કે, સીએમ યોગીએ ગયા મહિને નિવેદન આપ્યું હતું કે સંભલમાં રમખાણોમાં કથિત રીતે ૧૮૪ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો બેઘર થયા હતા. જોકે સત્તાવાર મૃત્યુઆંક ૨૪ હતો. વિધાન પરિષદના સભ્ય શ્રીચંદ્ર શર્માએ ફરીથી સંભલ રમખાણોની તપાસની માંગ કરી હતી.

સંભલ રમખાણોની ફાઈલ ફરીથી ખોલવા પાછળ સરકારના ઈરાદા પર સવાલો ઉભા થઈ રહ્યા છે. સપા અને કોંગ્રેસ આને રાજકીય ફાયદો ઉઠાવવાની ચાલ ગણાવી રહ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા સુરેન્દ્ર રાજપૂતે કહ્યું કે તે સ્પષ્ટ છે કે, ભાજપ સરકાર સાંપ્રદાયિકતાનું ઝેર ફેલાવીને મત મેળવવા માંગે છે, ૧૯૭૮ પછી ૪ મુખ્યમંત્રી ભાજપના જ રહ્યા છે. અત્યાર સુધી તેણે રમખાણો વિશે વાત કરી નથી. તેઓ હવે કેમ કરી રહ્યા છે, કારણ કે ભારતીય જનતા પાસે તેની સિદ્ધિઓ માટે બતાવવા માટે કંઈ નથી. ભાજપ સરકાર આ ફાઈલ ખોલવાને સંવેદનશીલ કેસમાં પીડિતોને ન્યાય આપવાના રૂપમાં જોઈ રહી છે, કારણ કે પીડિતો હિન્દુ હતા અને તત્કાલીન કોંગ્રેસ સરકારે તેમને ન્યાય આપ્યો ન હતો. સંભલ હિંસામાં માર્યા ગયેલા લોકોની સંખ્યાને લઈને પણ રાજકારણ થઈ રહ્યું છે.

સીએમ યોગીએ કહ્યું હતું કે વિધાનસભામાં ૧૭૮ લોકોના મોત થયા હતા, જ્યારે સરકારી આંકડા મુજબ ૨૪ લોકોના મોત થયા હતા. ભાજપના પ્રવક્તા રાકેશ ત્રિપાઠીએ કહ્યું કે સંભલમાં ઘણું છુપાયેલું છે. સંભલમાં ખોદકામથી અનેક તથ્યો બહાર આવ્યા છે. ઈતિહાસના અનેક પાના પ્રગટ થયા છે જેમાં અત્યાચાર અને અન્યાયની વાર્તાઓ છે. જેમાં નરસંહાર અને નિર્દોષ લોકોની હત્યા થાય છે. મહત્વનું છે કે આ કેસોની તપાસ થાય, ગુનેગારોને સજા થાય અને પીડિતોના ઘા રૂઝાય અને ન્યાય મળે. જો મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો છે તો તપાસ થવી જોઈએ કારણ કે પીડિતાના પરિવારજનો દાવો કરી રહ્યા છે કે તત્કાલીન ધાર્મિક સરકારે તુષ્ટિકરણના કારણે અન્યાય કર્યો હતો.

### કોઈને પણ બહાર નીકળવા દેશે નહીં

# ૨૯મીના રોજ રાજસ્થાનના ૪૫૦૦૦ ગામડા બંધ રહેશે

## ખેડૂત મહાપંચાયત અનુસાર ૨૯મીએ ગામની પ્રોડક્ટ ગામમાં જ રહેશે, કોઈ તેને વેચવા માટે બહાર જશે નહીં

જયપુર, તા. ૯

રાજસ્થાનના અનેક ગામડામાં આવનારા દિવસોમાં ખેડૂત આંદોલનની મોટી અસર જોવા મળી શકે છે. દેશભરમાં લગભગ ત્રણ ચાર વર્ષથી ખેડૂત આંદોલન ચાલી રહ્યા છે. ન્યૂનતમ સમર્થન મૂલ્ય પર પાકને ખરીદ અને ત્રણ કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત આંદોલન ચાલી રહ્યા હતા. કેન્દ્ર સરકારે ત્રણેય કૃષિ કાયદાને તો પાછા લઈ લીધા પણ એમએસપી પર પાકની ખરીદી પર કાયદો નથી બનાવ્યો. ત્યાર બાદ સતત દિલ્હી બોર્ડર પર ખેડૂત આંદોલન ચાલી રહ્યા છે. તમામ આંદોલનની અસર રાજસ્થાનમાં પણ દેખાઈ શકે છે. કારણ કે ખેડૂત મહાપંચાયત દ્વારા ૨૯ જાન્યુઆરીના રોજ રાજસ્થાનના ગામડા બંધ કરવાનું આંદોલન કરવામાં આવશે. આ દરમ્યાન રાજસ્થાનના તમામ ગામડાઓ બંધ રહેશે. ગામનો કોઈ પણ વ્યક્તિ ગામની બહાર જઈ શકશે નહીં. ન કોઈ રેલાગાડી ચાલશે, ન કોઈ વાહનનો ઉપયોગ કરશે. જો કે ઈમરજન્સી સ્થિતિમાં બંધ આંદોલન લાગૂ થશે નહીં.ખેડૂત મહાપંચાયત અનુસાર, ૨૯ જાન્યુઆરીએ ગામની પ્રોડક્ટ ગામમાં જ રહેશે, કોઈ તેને વેચવા માટે બહાર જશે નહીં. જો કોઈ ગામમાં આવીને માલ ખરીદવા માગો તો તેને ગામમાં જ માલ વેચી શકશે. ખેડૂત મહાપંચાયતના રાષ્ટ્રીય અધ્યક્ષ રામપાલ જાટ અનુસાર, ગામ બંધ આંદોલન ૨૯ જાન્યુઆરીથી કરવામાં આવશે. આ રાજસ્થાન માટે પ્રથમ પ્રયોગ છે.આ એવું આંદોલન છે, જે ક્યારેય ફેલ નહીં થાય અને તેના માટે ખેડૂતો પાસે રીતસરનું સંકલ્પ પત્ર પણ ભરાવાનું શરુ કરી દીધું છે. તેમણે જણાવ્યું કે, આંદોલન અંતર્ગત અમે સરકારને એ બતાવવા માગીએ છીએ કે, જો ગામડાના ખેડૂતો બહાર ન જાય તો આપ મજબૂર થઈને તેમની પાસે ખુદ આવશો. ખેતી વિના કોઈના પણ કામ થશે નહીં. તેમણે જણાવ્યું કે, રાજસ્થાનના હજારો ગામડામાં આ આંદોલનની અસર દેખાશે.

### સતત બીજા દિવસે શેરબજાર ડાઉન

# સેન્સેક્સમાં ૫૨૮ પોઈન્ટનો ઘટાડો, નિફ્ટી ૨૩૫૪૫ પર બંધ

## મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી તો રિયલ્ટી, એનર્જી, ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા

મુંબઈ, તા.૯

શેરબજારને લઈ મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં આજે નિફ્ટીની સાપ્તાહિક સમાપ્તિના દિવસે બજારમાં દબાણ હતું અને સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ થયા હતા. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૫૨૮.૨૮ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકાના ઘટાડા સાથે ૭૭,૬૨૦.૨૧ પર બંધ થયો. જ્યારે નિફ્ટી ૧૬૨.૪૫ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકાના ઘટાડા સાથે ૨૩,૫૨૬.૫૦ ના સ્તર પર બંધ થયો હતો. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી જ્યારે રિયલ્ટી, એનર્જી, ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા હતા. મેટલ, ઈન્ફ્રા, આઈટી શેર્સમાં વેચવાલી ચાલુ રહી. જોકે એફએમસીજી શેર્સમાં ખરીદી હતી જેના કારણે ઈન્ડેક્સ લગભગ ૧% વધીને બંધ થયો હતો.

શ્રીરામ ફાઈનાન્સ, ઓએનજીસી, ટાટા સ્ટીલ, કોલ ઈન્ડિયા, બીપીસી નિફ્ટીમાં ટોપ લોઝર હતા. જ્યારે એચયુએલ, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, નેસ્લે ઈન્ડિયા, એમએન્ડએમ, બજાજ ઓટો નિફ્ટીમાં ટોપ ગેઈનર્સ હતા. ફ્લ્સ્ઝ્ય સિવાય તમામ સેક્ટર ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા છે. કેપિટલ ગુડ્સ, આઈટી, મેટલ, ઓઈલ એન્ડ ગેસ, પીએસયુ બેંક, પાવર, રિયલ્ટી ઈન્ડેક્સમાં ૧-૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૫૨૮.૨૮ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકાના ઘટાડા સાથે ૭૭,૬૨૦.૨૧ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૬૨.૪૫ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકાના ઘટાડા સાથે ૨૩,૫૨૬.૫૦ના સ્તર પર બંધ થયો હતો. આજે સવારે જ્યારે શેરમાર્કેટ ખૂલ્યું ત્યારે શેરબજારમાં ઘટાડાનો સિલસિલો યથાવત જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૨૧૭ પોઈન્ટ ઘટીને ૭૭૯૩૦ પર જ્યારે નિફ્ટી ૬૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૬૨૩ પર હતો. કોટક બેંક, હિન્દાલ્કો, બજાજ ઓટો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ઈન્ફોસીસ જેવા શેરો નિફ્ટીના ટોપ ગેનર્સની યાદીમાં હતા.

### ઓમર અબ્દુલ્લાએ કહ્યું પૂરું કરો બધું

# દિલ્હી ચૂંટણી પહેલા ઈન્ડિયા ગઠબંધનમાં ભંગાણના એંધાણ

## ઓમર અબ્દુલ્લાએ દિલ્હી વિધાનસભા ચૂંટણી પર કહ્યું, "અમારે દિલ્હીની ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી

નવી દિલ્હી, તા.૯

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે કોઈ ગઠબંધન નથી. બંને પક્ષો અલગ-અલગ ચૂંટણી લડતા જોવા મળે છે, જ્યારે આ બંને પક્ષો લોકસભા ચૂંટણીમાં ભારત ગઠબંધનનો ભાગ હતા. હવે ઓમર અબ્દુલ્લાએ દિલ્હીમાં છઉઁ અને કોંગ્રેસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું છે કે જો આ ગઠબંધન સંસદીય ચૂંટણી માટે હતું તો તેને ખતમ કરી દેવું જોઈએ.જમ્મુ અને કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ કહ્યું, દિલ્હીમાં શું ચાલી રહ્યું છે તે અંગે મારે કંઈ કહેવું નથી. અમારે દિલ્હીની ચૂંટણી સાથે કોઈ લેવા-દેવા નથી. જ્યાં સુધી મને યાદ છે, ભારત ગઠબંધન માટે કોઈ સમય મર્યાદા નથી. નેતૃત્વ, એજન્ડા કે આપણા અસ્તિત્વ વિશે કોઈ સ્પષ્ટતા નથી જો આ ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે હતું તો હવે તેને ખતમ કરી દેવુ જોઈએ.

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ દિલ્હી વિધાનસભા ચૂંટણી પર કહ્યું, "અમારે દિલ્હીની ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં લડી રહેલા રાજકીય પક્ષોએ નક્કી કરવું જોઈએ કે ભાજપનો મુકાબલો કેવી રીતે કરવો. આ પહેલા AAPને ત્યાં સતત બે વાર સફળતા મળી હતી. તેથી આ વખતે દિલ્હીના લોકો શું નિર્ણય લેશે તેની રાહ જોવી પડશે. મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસે આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી છે. અરવિંદ કેજરીવાલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને સતત સમર્થન આપવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો. આના પર અરવિંદ કેજરીવાલે ખુશી વ્યક્ત કરી અને મમતા બેનર્જીનો આભાર માન્યો.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી છે. એ પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણી નહીં લડે.સપાના વડા અખિલેશ યાદવે એક નિવેદન આપતા કહ્યું છે કે જે પણ ભારતીય જનતા પાર્ટીને હરાવે છે તેને સપા સમર્થન આપશે. કોંગ્રેસ પાસે દિલ્હીમાં મજબૂત સંગઠન નથી, આવી સ્થિતિમાં અમારી પાર્ટી આમ આદમી પાર્ટીને સમર્થન કરશે. હું આમ આદમી પાર્ટી સાથે સ્ટેજ શેર કરીશ. તમે જ દિલ્હીમાં ભાજપને હરાવી શકશો. આવી સ્થિતિમાં સપા ભાજપને હરાવે તેની સાથે છે.બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવ દ્વારા ભારત ગઠબંધનને લઈને આપવામાં આવેલા નિવેદન બાદ રાજ્યમાં મહાગઠબંધનના અસ્તિત્વ પર સવાલો ઉભા થઈ રહ્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે શું કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ (RJD) અલગ થઈ ગયા છે. તેમણે કહ્યું કે ભારત ગઠબંધન લોકસભા ચૂંટણી માટે રચાયું હતું. બિહારમાં ગઠબંધનના સવાલ પર તેમણે કહ્યું કે કોંગ્રેસ સાથે તેમનું જૂનું ગઠબંધન છે.

# પાકિસ્તાનના ૧૬ પરમાણુ વૈજ્ઞાનિકોનું અપહરણ થયું

ઈસ્લામાબાદ, તા.૯

પાકિસ્તાનમાંથી એક મોટા સમાચાર મળી રહ્યા છે. પાકિસ્તાનના ૧૬ પરમાણુ વૈજ્ઞાનિકોનું અપહરણ થઈ ગયું છે. આતંકી સંગઠન તહરીકે તાલિબાન પાકિસ્તાને પાકિસ્તાનના પરમાણુ વૈજ્ઞાનિકોનું અપહરણ કર્યું છે. અપહરણ કરાયેલા ૧૬ વૈજ્ઞાનિકોનો એક વીડિયો પણ જાહેર કર્યો છે. TTP દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પાકિસ્તાનના વૈજ્ઞાનિક શહબાઝ સરકારને આતંકીઓની શરતો માનવા અને પોતાની સુરક્ષાની ખાતરી માટે ચેલેન્જ કરી રહ્યા છે.તાલિબાને પાકિસ્તાનના અપહ્યત પરમાણુ વૈજ્ઞાનિકોનો વીડિયો જાહેર કર્યો છે. જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પાકિસ્તાનના અધિકારી પોતાની સરકારથી વિદ્રોહીઓની માગ માનવા અને પોતાની સુરક્ષાની ગુહાર લગાવતા દેખાઈ રહ્યા છે. પાકિસ્તાન પરમાણુ ઊર્જા આયોગના ૧૬ વૈજ્ઞાનિકો હાલમાં TTPના કબજામાં છે.સોશિયલ મીડિયામાં આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ટીટીપીએ ડેરા ઈસ્માઈલ ખાનમાં પાકિસ્તાન ઊર્જા આયોગના એન્જીનિયર્સને પકડી લીધા છે. લોકો કહી રહ્યા છે કે વૈજ્ઞાનિકોની આ દશા પાકિસ્તાનની ખરાબ સુરક્ષા અને સેનાની લાચારીનો નમૂનો છે. દાવો તો એવો પણ થઈ રહ્યો છે કે તહરીકે તાલિબાન પાકિસ્તાનના આતંકી પાકિસ્તાનની સૌથી મોટી યૂરેનિયમ ખાણમાંથી મોટી માત્રામાં યૂરેનિયમ લૂંટીને લઈ ગયા છે. આ યૂરેનિયમ એટામિક બોમ્બ બનાવવામાં ઉપયોગ થાય છે.

### ગ્રહોની કોઈ નકારાત્મક અસર નહીં પડે

# મહાકુંભમાં બાવન ફૂટ ઉંચા 3D મહામૃત્યુંજય યંત્રની સ્થાપના થશે

## ધાર્મિક મહાકુંભ મેળો ૧૩ જાન્યુઆરીથી શરૂ થવા જઈ રહ્યો છે : આ વખતે મહાકુંભ ખૂબ જ ખાસ બનવાનો છે

પ્રયાગરાજ, તા.૯

વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. મહાકુંભ મેળો આગામી ૧૩ ડિસેમ્બરથી શરૂ થશે અને આગામી ૪૫ દિવસ સુધી ચાલુ રહેશે.

આ વખતે આ મેળામાં આવતા ભક્તોને વિશ્વના સૌથી મોટા મહામૃત્યુંજય યંત્રના દર્શન થશે. જે ૫૨ ફૂટ ઊંચું, ૫૨ ફૂટ લાંબું અને ૫૨ ફૂટ પહોળું છે. તેની સ્થાપના સિદ્ધ મહામૃત્યુંજય સંસ્થાન દ્વારા કરવામાં આવી રહી છે. આ યંત્ર ખૂબ જ અલૌકિક હશે. મહાકુંભ મેળાનું પહેલું સ્નાન ૧૩ જાન્યુઆરીએ થશે. સરકાર મહાકુંભની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ વર્ષે મહાકુંભ મેળામાં લગભગ ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ આવે તેવી અપેક્ષા છે. દર્શનાર્થીઓની સુરક્ષા અને સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે વહીવટીતંત્ર દિવસ-રાત કામ કરી રહ્યું છે. આ મેળામાં સ્નાનની સાથે અનેક આકર્ષણના કેન્દ્રો બનવાના છે, જેમાંથી એક ૫૨ ફૂટ લાંબુ, ઊંચું અને પહોળું મહામૃત્યુંજય યંત્ર છે.

મહામૃત્યુંજય યંત્ર 3D માં જોવા મળી રહ્યું છે : આ મશીન સંગમ નદીના કિનારે સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. તેની સ્થાપના સિદ્ધ મહામૃત્યુંજય સંસ્થાનના નેજા હેઠળ થઈ રહી છે. આ મહામૃત્યુંજય યંત્ર અંગે સંગઠનનું કહેવું છે કે અત્યાર સુધી મહામૃત્યુંજય યંત્ર ફક્ત ૨ઙ માં જ દેખાતું હતું, પરંતુ આ પહેલીવાર બનશે જ્યારે મહામૃત્યુંજય યંત્ર ૩ઙ માં દેખાશે. આ સિદ્ધ મહામૃત્યુંજય આંતરરાષ્ટ્રીય યોગ અને જ્યોતિષ સંશોધન કેન્દ્ર દ્વારા વર્ષોના સંશોધન પછી બનાવવામાં આવ્યું છે.

સંશોધન કેન્દ્રે આ મહામૃત્યુંજય યંત્રનું નિર્માણ તમામ આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક પાસાઓને ધ્યાનમાં રાખીને કર્યું છે. તેની સ્થાપના કુંભ ક્ષેત્રના ઝુનસી વિસ્તારમાં સિદ્ધ મહામૃત્યુંજય સંસ્થાનના મુખ્ય પૂજારી સ્વામી સહજાનંદ સરસ્વતી દ્વારા કરવામાં આવી રહી છે. આ યંત્ર માનસિક શાંતિ અને પોઝિટિવિટી પ્રદાન કરશે અને મહાકુંભ દરમિયાન ગ્રહોના નકારાત્મક પ્રભાવને પણ ઘટાડશે. આ વખતે જ્યોતિષના નિષ્ણાતો મહાકુંભમાં શનિની અસરનું મૂલ્યાંકન કરી રહ્યા છે. જ્યોતિષાચાર્યોની આ શંકાનું પણ સમાધાન આ યંત્ર કરશે.

# તમે જાટ સમાજના લોકો સાથે દગો કર્યો : કેજરીવાલનો મોદીને પત્ર

## દિલ્હીમાં ઓબીસી દરજ્જો પ્રાપ્ત જાટ અને અન્ય જાતિઓને કેન્દ્રની OBC લિસ્ટમાં સામેલ કરવામાં આવે : કેજરીવાલ

નવી દિલ્હી, તા.૯

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે દિલ્હીના જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવાને લઈને પત્ર લખ્યો છે. કેજરીવાલે કહ્યું કે, તમે દિલ્હીના જાટ સમાજ સાથે દગો કર્યો છે. દિલ્હીમાં ઓબીસી દરજ્જો પ્રાપ્ત જાટ અને અન્ય જાતિઓને કેન્દ્રની OBC લિસ્ટમાં સામેલ કરવામાં આવે. તેમણે કહ્યું કે, 'કેન્દ્ર સરકારે ૧૦ વર્ષોથી જાટ સમાજ સાથે OBC અનામતના નામ પર દગો કર્યો છે. તમે ૨૦૧૫માં જાટ સમાજના નેતાઓને ઘરે બોલાવીને વચન આપ્યું હતું કે, દિલ્હીના જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવામાં આવશે. ૨૦૧૯માં અમિત શાહે જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં લાવવાનું વચન આપ્યું હતું. રાજસ્થાનના જાટ સમાજના વિદ્યાર્થીઓને ડીયૂમાં રિઝર્વેશન મળે તો દિલ્હીના જાટ સમાજને કેમ ન મળે?.'અરવિંદ કેજરીવાલે આગળ કહ્યું કે, 'કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં ન હોવાને કારણે દિલ્હીના જાટ સમુદાયના હજારો બાળકોને ડ્ઠેમાં પ્રવેશ નથી મળતો. મોદી સરકાર દિલ્હીમાં ઓબીસી લિસ્ટમાં હોવા છતાં ન્દ્ર સરકારની સંસ્થાઓમાં જાટ સમાજને લાભ નથી મળવા દઈ રહી. દિલ્હીના જાટ સમુદાયને અનામત નથી મળતું. તેમને કોલેજમાં એડમિશન કે નોકરીઓમાં અનામત નથી મળતું. વડાપ્રધાને પોતે જાહેરાત કરી હતી કે જાટ સમુદાયને અનામત મળશે, પરંતુ તેમ છતાં તેમને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવામાં ન આવ્યા.' AAP પ્રમુખે નિશાન સાધતા કહ્યું કે, 'ગૃહમંત્રીએ પણ વાયદો કર્યો હતો, પરંતુ તેમ છતાં તેમને સામેલ કરવામાં ન આવ્યા. વડાપ્રધાન અને ગૃહમંત્રી જૂઠું બોલી રહ્યા છે.

ચૂંટણી પહેલા બોલે છે અને વાયદા કરે છે પરંતુ બાદમાં બધુ ભૂલી જાય છે. મેં ગઈ કાલે વડાપ્રધાનને પત્ર લખ્યો છે અને તેમને પોતાનું વચન યાદ અપાવ્યું છે જે તેમણે જાટ સમાજને આપ્યું હતું.'

# વિજય હજારે ટ્રોફીમાં તમિલનાડુના ધુરંધર બેટરે કરી કમાલ, છતાં હાર

મુંબઈ, તા.૯

વિજય હજારે ટ્રોફી ૨૦૨૫ની બીજી પ્રી-ક્વાર્ટર ફાઈનલ આજે (૯ જાન્યુઆરી, ૨૦૨૫) રમાઈ હતી. જ્યાં રાજસ્થાન અને તમિલનાડુની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. જે મેચમાં તમિલનાડુએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો. જેમાં રાજસ્થાનની ટીમ ૧૯ રને જીતી ગઈ છે. પહેલા બેટિંગ કરતા રાજસ્થાનની ટીમે ૪૭.૩ ઓવરમાં ૨૬૭ રન બનાવ્યા. ટીમ તરફથી અભિજીતે શાનદાર પ્રદર્શન કર્યું, જેમણે સદી ફટકારી. જેના જવાબમાં તમિલનાડુની ટીમ ૪૭.૧ ઓવરમાં માત્ર ૨૪૮ રન બનાવી શકી. આમ રાજસ્થાનની ૧૯ રને જીત થઈ છે. તમિલનાડુ તરફથી ઓપનિંગ કરવા તુષાર અને એન. જગદીશનની જોડી ઉતરી હતી, જેમણે શરૂઆત સારી કરી. તમિલનાડુ ટીમના એન. જગદીશને ૫૨ બોલમાં કુલ ૬૫ રનની ઈનિંગ રમી. જેમાં ૧૦ ચોગ્ગા સામેલ છે. ત્યારે, તેમણે એક ઓવરમાં તાબડતોબ બેટિંગ કરીને રનનો વરસાદ કરી નાખ્યો. એન. જગદીશને અમન શિખાવતની ઓવરમાં કુલ ૨૯ રન બનાવીને સૌને ચોંકાવી દીધા. BCCI ડોમેસ્કિટે પોતાના 'X' એકાઉન્ટ પર એન. જગદીશનની આ ઓવરનો વીડિયો શેર કર્યો છે.


એન. જગદીશને રાજસ્થાન વિરૂદ્ધ વડોદરામાં રમાઈ રહેલા વિજય હજારે ટ્રોફી ૨૦૨૫ના પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં જોરદાર પ્રદર્શન કર્યું. એન. જગદીશને એક ઓવરમાં સતત ૬ બોલમાં ૬ ચોગ્ગા ફટકાર્યા.

# બાબરામાં ગલકોટડી ગામે જિ.પં.ના સભ્યપતી નીતિનભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને પોષણ સપ્તાહ ઉત્સવની ઉજવણી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાના ગલકોટડી ગામે પટેલ સમાજની વાડી ખાતે આઈ સી ડી એસ વિભાગ દ્વારા પોષણ ઉત્સવની ઉજવણી જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લાભાર્થી બહેનો દ્વારા બાલશકિત, માતૃશકિત, પુર્ણાશકિત તથા મીલેટસ અને સરગવામાંથી અલગ અલગ પ્રકારની ૮૧ જેટલી પૌષ્ટિકવાનગીઓ રજુ કરવામાં આવી હતી. ૩ થી ૬ વર્ષના બાળકો દ્વાર રજુ કરેલ બાળગીત, અને કિશોરી દ્વારા પોષણ રંગોળી આયોજનનું મુખ્ય આકર્ષણ હતું. પોષણ ઉડાન અંતર્ગત શિયાળામા ઉપયોગમાં લેવાતી પૌષ્ટિક વાનગીઓનો સ્ટોલ, વિટામિન સી થી ભરપુર ફળોનો સ્ટોલ, વિવિધસભર સલાડ, કિશોરીને લીંબુ ચમચી રમત રમાડવામા આવી, પોષણ પતંગ સુત્રો બનાવામા આવ્યા તેમજ thr તથા મિલેટ્સ માંથી બનાવેલ વાનગીને ૧ થી ૩ નંબર આપવામા આવ્યા.અને પ્રોત્સાહન રૂપે પ્રમાણપત્રો પણ એમનાયત કરાયા હતા કાર્યક્રમમાં જન પ્રતિનિધ જિલ્લા પંચાયતના સદસ્યનીતિનભાઈ રાઠોડ, ગળકોટડી ગામના સરપંચ વાસુરભાઈ, તથા ઉપસરપંચ તેમજ ખાખરીયા ગામના સરપંચ વિપુલભાઈ અમરાપરા ગ્રામ પંચાયત સદસ્ય સુરેશભાઈ તથા પ્રા.શા. આચાર્ય દિપકભાઈ તથા નારી અદાલતના કર્મચારી,આરોગ્ય વિભાગના કર્મચારી, તથા મુખ્ય સેવીકઓ એસ.એ.પી. એસ.ઈ. એન.એન.એમ. બીસી તેમજ ડિસમું સ્ટાફ અને આ.વા. કાર્યકર/તેડગર બહેનો તથા લાભાર્થી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મિલેટસ અને સરગવાના ઉપયોગ અને ફાયદાઓ વિશે જાગૃતતા કેળવવા તેમજ THR તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહીતી આપવામાં હતી તથા પોષણ ઉડાન –૨૦૨૫ની આજ રોજ ખુબજ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## ગોપાલગ્રામનાં શિક્ષકે ગાંધીનગર ખાતે નેશનલ કક્ષાનાં વર્કશોપમાં ભાગ લીધો



ચલાલા, તા. ૯

ભારતીય પ્રાદ્યોગિક સંસ્થાએ નેશનલ કક્ષાના વર્કશોપનું આયોજન આઈટીઆઈ ગાંધીનગર મુકામે સર્જનાત્મક શિક્ષણ કેન્દ્ર (હહી) દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં દેશના અલગ અલગ રાજયોના ૧૮૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. અમરેલી જિલ્લામાંથી ધારી તાલુકાની ગોપાલગ્રામ કન્યા શાળાના ગણિત–વિજ્ઞાનના શિક્ષક દેવેનકુમાર નટવરલાલ ભટ્ટે આ નેશનલ કક્ષાના વર્કશોપમાં ભાગ લીધો હતો. આ વર્કશોપમાં ધોરણ ૬ થી ૮ના બાળકોને શાળા કક્ષાએ વિજ્ઞાનના સિદ્ધાંત વિદ્યાર્થીઓને સરળતાથી સમજાવી શકાય તે માટે રમકડાં આધારિત શિક્ષણ કાર્ય, તેમજ જુદા જુદા પેપર કટિંગની પ્રવૃતિ અને ગણિતના કોયડા ઉકેલવા વગેરે આ વર્કશોપનો મુખ્ય હેતુ હતો. આ વર્કશોપ મનીષ જૈનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. તેમજ જય ઠકકરસર, શિલ્પામેડમે, વિક્રમસર, બિજેન્દ્રસર અને અદીતીમેડમે સારી એવી માહિતી આપી હતી. આ નેશનલ વર્કશોપમાં ધારી તાલુકાના ગોપાલગ્રામ કન્યા શાળાના ગણિત – વિજ્ઞાનના શિક્ષક દેવેનકુમાર નટવરલાલ ભટ્ટે ભાગીદાર થઈને ગોપાલગ્રામ કન્યાશાળાનું તેમજ ધારી તાલુકાનું નામ રોશન કર્યુ છે. આ વર્કશોપમાં શીખેલ પ્રવૃતિઓ તેમજ મેકિંગ ટોય કેવી રીતે બનાવવામાં આવે છે અને તે કેવી રીતે કાર્ય કરે છે એ સમજવા માટેનો લાભ ધારી તાલુકાના તમામ ગણિત વિજ્ઞાનના શિક્ષકોને તેમજ ગોપાલગ્રામ કન્યા શાળાના વિદ્યાર્થીઓને મળશે.

## રાજુલા શહેરમાં દાંતની સારવાર માટેનો મફત નિદાન કેમ્પ યોજાયો

રાજુલા, તા. ૯

રાજુલા શહેરમાં દાંતની સારવાર તેમજ વાંકાચુકા તથા આગળ ના પડતા દાંતની સારવાર માટે અમદાવાદના નિષ્ણાંત ડોકટર રાહુલ મુછડીયા રાજુલા શહેરમાં એક દિવસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે આ કેમ તારીખ ૧૧/૧/૨૦૨૫ને શનિવારના રોજ આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે કેમ્પનું સ્થળ મુછડીયા સર્જીકલ હોસ્પિટલ ગાયત્રી મંદિર રોડ જાફરાબાદ રોડ રાજુલા સીટી ખાતે રાખવામાં આવેલ છે જેનો સમય સવારના ૧૦ થી સાંજના સાત સુધી રાખવામાં આવેલ છે જે કોઈ વ્યકિતઓને આ કેમ્પમાં લાભ લેવા માંગતા હોય તેમણે નીચે આપેલા નંબર ઉપર પોતાનો કેસ લખાવો મો. ૮૧૪૦૨૨૨૩૭૮ અને ૯૪૦૮૮૯૮૩૭૩માં ફોન કરી અને કેસ લખાવો દર્દીઓને સમયસર અને વધુ સુવિધા મળે તે માટે કેસ લખાવો ફરજિયાત છે.

## અમરેલીના કલાકારોનું અનોખું કલા પ્રદર્શન



ચલાલા, તા. ૯

તાજેતરમાં તા. ૧૬ થી ૨૦ ડિસે. દરમિયાન RIE – ભોપાલ (મ.પ.) ખાતે યોજાયેલ 'ટોયઝ એન્ડ પપેટ આર્ટ વર્કશોપ'માં અમરેલી જિલ્લાના વિવિધ કલાકારોએ પોતાની કલાનું પ્રદર્શન કરી, સમગ્ર જિલ્લા અને રાજયનું ગૌરવ વધારેલ છે. જેમાં ઉમેશ ચાવડા (ચલાલા), ભાવેશ બોરીસાગર (સા.કું.), ધર્મેશ ઠાકર (ખારા)એ પોતાની કલા દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ભરત અગ્રાવત (અમરેલી) તથા રાઘવ કટકિયા (માંડવડા)એ પોતાની કલા સાથે સંયોજક તરીકે પણ કામગીરી સંભાળેલ. સમગ્ર વર્કશોપનું RIEના કર્મઠ અધિકારી ડો. સુરેશ મકવાણાએ સફળ આયોજન કરેલ.

### અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિનાં પ્રવકતાનું નિવેદન

## કેન્દ્ર સરકાર ધનવાનોની, ધનિકો દ્વારા અને ધનવાનો માટે ચાલતી સરકાર છે

**ઐતિહાસીક રીતે પહેલીવાર કોર્પોરેટ કરતાં વ્યકિતગત ટેકસ વધી ગયો**



અમદાવાદ, તા. ૯

કેન્દ્રની ભાજપા સરકારની આર્થિકનીતિઓ ખાસ કરીને જી.એસ.ટી.ના અમલીકરણમાં અનેક વિસંગતતાઓ, ગેરરીતિઓને લીધે ઉભી થયેલી વિકટ આર્થિક પરિસ્થિતિ સાથે સતત આર્થિક વિકાસ વૃધ્ધિદરમાં પીછેહટ, રૂપિયાનું અવમુલ્યન સહિત આર્થિક મોરચે સદંતર નિષ્ફળતા પર આજરોજ રાજીવ ગાંધીભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રવકતા મોહન કુમાર મંગલમ્ એ જણાવ્યું હતું કે, તર્કહીન જીએસટીની સીધી અસર દેશના અર્થ વ્યવસ્થા પર પડી છે. જીડીપી દર ૫ આંકના તળિયે પહોચ્યો છે. ઐતિહાસિક રીતે પહેલી વાર કોર્પોરેટ ટેક્ષ ઘટયો જયારે વ્યકિતગત ટેક્ષ વધી ગયો છે. સામાન્ય મધ્યમ વર્ગ હવે પર્સનલ લોન લેવા મજબૂર બન્યો છે. કેન્દ્ર સરકાર ધનવાનોની, ધનિકો દ્વારા, ધનવાનો માટેની સરકાર છે. આ એક એવી સરકાર છે જે ગરીબ, સામાન્ય અને મપ્રયમવર્ગવિરોધી છે. ડો.મનમોહનસિંહનાં વિત્તમંત્રીના કાર્યકાળ દરમિયાન દેશમાં લાગુ કરવામાં આવેલ આર્થિક ઉદારીકરણની નીતિનો લાભ તમામ ભારતીય લોકોને, વ્યાપારીઓની, ઉદ્યોગ સાહસિકોને મળ્યો હતો પરંતુ છેલ્લા દસ વર્ષમાં દેશમાં અણઘડ જીએસટીનાં અમલીકરણને કારણે નાના વ્યાપારીઓ, સામાન્ય મપ્રયમ વર્ગ અસહ્ય મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે જયારે અમુક માનીતા કોર્પોરેટ ગૃહને લાભ મળી રહ્યો છે. GST એ વપરાશ પરનો કર છે. ગરીબો તેમની મોટાભાગની આવકનો ઉપયોગ કરે છે, જયારે અમીરો તેમની આવકનો મોટો હિસ્સો બચાવે છે. પરિણામે GST ગરીબોને વધુ અસર કરે છે. ૨૦૨૧–૨૨માં કુલ GSTનો લગભગ બે તૃતીયાંશ અથવા ૬૪% વસ્તી નીચેની ૫૦% વસ્તીમાંથી આવ્યો હતો. ટોચના ૧૦%માંથી માત્ર ૩% GST આવે છે. તે ગરીબો પરનો ટેકસ છે જે સતત વધી રહ્યો છે. જીવન અને આરોગ્ય વીમો જેવી આવશ્યક સેવાઓ પર GST દર – બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે મહત્વપૂર્ણ – ૧૮% છે. મોદી સરકાર દર વર્ષે રેકોર્ડ બ્રેક કલેકશનનો દાવો કરીને લોકો પાસેથી કેટલી રકમ લીધી તેની ઉજવણી કરે છે. પરંતુ જયારે શ્રીમંતોની વાત આવે છે, ત્યારે તેણે ૨૦૧૯માં રૂ. ૨ લાખ કરોડના કોર્પોરેટ ટેકસમાં ઘટાડો કર્યો હતો. ૨૦૧૩–૪માં કોર્પોરેટ ટેકસની આવકના ૮૨% એકસાઈઝ અને સર્વિસ ટેકસ કલેકશન હતું. કોર્પોરેટ ટેકસના પ્રત્યેક રૂ.૫ માટે, સરકારે એકસાઈઝ ટેકસના રૂ. ૪ વસૂલ્યા હતા. ૨૦૨૩–૨૪માં કોર્પોરેશન ટેકસના GST વધીને ૧૩૭% થયો. કોર્પોરેશન ટેકસના પ્રત્યેક રૂ. ૫ માટે, મોદી સરકાર હવે જીએસટીના રૂ. ૭ વસૂલે છે. પીએમ મોદી અબજોપતિ/અરબપતિઓ માટે કરવેરા કાપ આપે છે, અને ગરીબ અને મધ્યમ વર્ગ માટે કરમાં વધારો કરવાનું સુનિશ્ચિત કરે છે. GSTને સમજવું અશકય બન્યું છે. ૨૧ ડિસેમ્બરે વિત મંત્રીએ વિવિધ પ્રકારના પોપકોર્ન પર ત્રણ જુદા જુદા દર – ૫%, ૧૨% અને ૧૮% – લાદવાના અતાર્કિક નિર્ણય કર્યો. ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણયમ, GSTના આર્કિટેકટસમાંના એક, આને 'રાષ્ટ્રીય દુર્ઘટના ગણાવી છે, GST જે ગુડ એન્ડ સિમ્પલ ટેકસ બનવાનો હતો તેની ભાવનાનું ઉલ્લંઘન કરે છે. વિવિધ ઉત્પાદનો માટે ૦%, ૦.૨૫%, ૧.૫%, ૩%, ૭.૫% અને ૨૮%નો સમાવેશ કરીએ તો હાલમાં કુલ નવ GST દરો છે. જો આપણે વાહનો, લકઝરી ચીજવસ્તુઓ, તમાકુ વગેરે પર સેસ રેટ ઉમેરીએ, તો સુબ્રમણયમે પોતે કહ્યું છે : 'ત્યાં ૫૦ (અલગ અલગ) સેસ દરો છે. આ એક પ્રકારની મૂંઝવણ ઊભી કરે છે. જેણે ગ્રાહકોને ભ્રમિત કરે છે અને નાના ઉદ્યોગો માટે વેપાર કરવું મુશ્કેલ બનાવે છે. પરંતુ આ મૂંઝવણનો ફાયદો કોઈને થઈ રહ્યો છે. ડિરેકટોરેટ જનરલ આફ GST ઈન્ટેલિજન્સ (DGGI) દ્વારા કરવેરા છેતરપિંડી અંગેનો તાજેતરનો ડેટા અક્ષમતાનું પ્રમાણ અને તિજોરીને થયેલ નાણાકીય નુકશાન દર્શાવે છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવકતા મોહન કુમાર મંગલમ્ એ જણાવ્યું હતું કે, ૨૦૨૩–૨૪માં ૨લાખ કરોડ રૂપિયાની GST ચોરી થઈ જે ચિંતાજનક બાબત છે, જે ૨૦૨૩–૨૪માં ૧ લાખ કરોડ રૂપિયાની ચોરી કરતાં બમણી હતી ઈનપુટ ટેકસ ક્રેડિટ છેતરપિંડી સામાન્ય છે, અને રૂ. ૩૫,૧૩૨ કરોડની છેતરપિંડી ઓળખવામાં આવી હતી, જેની વસૂલાત દર માત્ર ૧૨% થયો. ૧૮૦૦૦ છેતરપિંડી કરનાર એકમોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જેમને કરચોરીમાં રૂ. ૨૫૦૦૦ કરોડની ચોરી કરી હતી. આવી હજારો વધુ કંપનીઓ સંભવતઃ શોધાયેલ નથી. પૂર્વ PM ડો. મનમોહનસિંહે ૨૦૧૭માં કહ્યું હતું કે કાંગ્રેસ પાર્ટીએ GSTને સમર્થન આપ્યું હતું, પરંતુ 'યોગ્ય કાળજી અને પૂરતી તૈયારી કર્યા પછી તેનો અમલ કર્યો હોત. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટેના તેના ન્યાય પત્રમાં, કોંગ્રેસ પાર્ટીએ રિફ્રેશ અને સરળ GST ૨.૦ માટે હાકલ કરી હતી. તાજેતરના મહિનાઓમાં, મોદી સરકારે કોંગ્રેસના મેનિફેસ્ટોની ઘણી દરખાસ્તોની નકલ કરી છે અને કંપનીઓ માટે રોજગાર–સંબંધિત પ્રોત્સાહનો અને બેરોજગાર યુવાનો માટે એપ્રેન્ટિસશિપ પ્રોગ્રામ લાવ્યા છે. હવે સમય આવી ગયો છે કે કેન્દ્ર સરકાર અમારા મેનિફેસ્ટોમાંથી બીજો વિચાર ચોરીને આગામી કેન્દ્રીય બજેટમાં GST ૨.૦ લાવે. રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ બિમલશાહ, મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, પ્રવકતા હિરેન બેન્કર, મહામંત્રી નઈમ મીરઝા, સીએ મેહુલ પટેલ, હિમાંશુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### ''કેડર બેઝ નહિ, ગેંગ બેઝ પાર્ટી'' બની ભાજપા – નિશાંત રાવલ

## ભાજપમાં જિલ્લામાં ચાલી રહેલા આંતરિક વિખવાદના લીધે જનતા પીસાઈ રહી છે

**ગુજરાતની ભાજપ આંતરિક લડાઈઓ હવે એક જવાળામુખી પર બેઠી છે**

અમદાવાદ, તા. ૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા નિશાંત રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીમાં કઈ પણ સારૂ ચાલી રહ્યું નથી, ગુજરાતના તમામ જિલ્લાઓમાં ભાજપના નેતાઓ એક બીજાને નીચા પાડવા વ્યસ્ત છે, હાલમાં વડોદરા શહેરમાં જયારે ભાજપના નવા પ્રમુખની નિમણુંકની બાબત બની ત્યારે ભાજપના ૨૦૦ જેટલા કાર્યકરો, ચાલુ અને પુર્વ ધારાસભ્યો, ચાલુ અને પુર્વ કાઉન્સલરો, ચાલુ અને પુર્વ હોદેદારો વડોદરામાં તેમની જ પાર્ટીના સંગઠન વિરૂદ્ધ એક હોટેલમાં ભેગા થવાની બાબત સામે આવી હતી, વડોદરા શહેરમાં ભાજપમાં ગેંગ વોર ચરમ સીમા એ છે, એવી જ રીતે વડોદરા જિલ્લામાં મહિલા કાર્યકર્તા દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ પર ભ્રસ્ટાચારને લઈ ખુબ મોટા આક્ષેપ કરવામાં આવ્યા, બીજી બાજુ ભાજપના નેતાઓ વચ્ચેની આવી જ એક ગેંગ વોરના પરિણામે અમરેલીમાં પાયલ ગોટી નામની એક પાટીદાર દીકરી જે ભાજપના નેતાના ત્યાં નોકરી કરતી હતી અને આદેશના પાલન અનુસાર લેટરકાંડ નો ભોગ બની અને જેલવાસ ભોગવવો પડ્યો, નર્મદા જિલ્લામાં પણ ધારી ખેડા સુગર મિલના ડિરેકટર પદ માટે ભાજપના નેતાઓ એક બીજાની સામે લડવા ઉભા થયા હતા, જૂનાગઢ જિલ્લો, રાજકોટ, ખેડા જિલ્લો કે પછી હાલમાં કેશોદ ખાતે લેટર કાંડ, આવા તો અસંખ્ય ઉદાહરણો છે, ગુજરાતની જનતાએ ભાજપને ખોબા ભરી મત આપી ૧૫૬ ધારાસભ્યોની બહુમતી આપી, પછી બીજી પાર્ટીના ધારાસભ્યોની લૂંટફાટ કરી ૧૬૧ની સંખ્યા પાર કરી. ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓ ભાજપના હાથમાં છે, તો ભાજપના આ આંતરિક ગેંગ વોર અને વિખવાદોના લીધે વડોદરા, અમરેલી કે પછી ગુજરાતની જનતા કેમ પીસાય ?

આજે ગુજરાતની જનતાના કામો પેન્ડિગ, રાશન કાર્ડની KYC હોય કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ફોર્મ લેવાની બાબત હોય, અધડી રાતથી જનતા લાઈનમાં ઉભી રહે છે. દિવસે દિવસે મોંઘવારીનો માર, બેરોજગારી, દારૂ – ડ્રગ્સનું વધતું જતું ચલણ, બાળકીઓ પર મહિલાઓ પાર વધતા જતા દુષ્કર્મો, અસામાજિક તત્વોનો ખુલ્લે આમ આતંક, તમામ પ્રકારના નવા નવા કાંડો, નકલીઓની ભરમાર, આ બધા વિષયોને બાજુ પર મૂકી ભાજપના ચૂંટાયેલા અને સંગઠનના નેતાઓ જનતા વિષયોની પરવા કર્યા વગર માત્ર સત્તા મેળવવાની લાલચમાં જનતાના કામો નેવે મૂકી માત્ર આંતરિક લડાઈ અને ગેંગ વોરમાં વ્યસ્થ છે. સરકાર અને સંગઠન વચ્ચે તાલમેલનો અભાવ, કોર્પોરેશન, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ભાજપની ચૂંટાયેલી પાંખ અને સંગઠન વચ્ચે વારંવાર સત્તા માટે ચાલી રહ્યા છે યુદ્ધ વારંવાર જોવા મળતા પત્રિકા કાંડ, લેટર કાંડ, બેનર કાંડ, ભાજપની સત્તાએ તમામ હદો વટાવી છે. ગુજરાતની જનતાને હવે વિચારવાનો સમય પાકી ગયો છે, ભાજપ માત્ર સત્તા ભૂખી પાર્ટી બની ચુકી છે, બહુમતીના જોરે એમની પાસે વિપક્ષ અને ગુજરાતની જનતાને સાંભળવાનો સમય નથી, આશા વ્યકત કરીએ કે જનતા ભાજપની ભવાઈ જોઈને આગામી સમયમાં સત્તા પરિવર્તન તરફ પોતાના અને રાજયના વિકાસ માટે વિચારશે.

### મેટોડામાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો ૧૦૦૫૧ મો કાર્યક્રમ સંપન્ન

## પૃથ્વીના તાપમાનમાં વધારો–ઘટાડો માનવજાત માટે ચિંતાજનક... વિજ્ઞાન જાથા

**સરકારે વિજ્ઞાન કાર્યક્રમો માટે મોટું બજેટ ફાળવવું જોઈએ : જયંત પંડયા**



અમદાવાદ, તા. ૯

પડધરી તાલુકાના ખામટા શ્રીમતિ એમ. જે. માલાણી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મહિલા કોલેજ ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ ભારે સફળતાથી સંપન્ત થયો હતો. પૃથ્વીના તાપમાનમાં અસાધારણ વધારો–ઘટાડો માનવજાત માટે ચિંતાનો વિષય બની ગયો છે તે સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૫૧ મા કાર્યક્રમમાં પડધરી પોલીસ સ્ટેશને વિશેષ બંદોબસ્ત ફાળવ્યો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટન પ્રોગ્રામ ઓફિસર પ્રોફે. શાંતિલાલ એલ. રાબડીયાએ કરી અંધશ્રદ્ધાને દેશવટો આપવાની જરૂરીયાત ઉપર ભાર મુકી વિજ્ઞાન અભિગમ– દ્રષ્ટિકોણ અપનાવવા અનુરોધ કર્યો હતો.

પ્રાસંગિક પ્રવચનમાં પ્રોગ્રામ ઓફિસર અક્ષયભાઈ રૂપારેલીયા, વિજયભાઈ પટેલ, હર્ષદભાઈ પીપળીયા, કિશોરભાઈ સોજીત્રા, લાલજીભાઈ સોજીત્રા, પ્રિન્સિપાલ ડા. ચેતનાબેન ઠુંમર, ટ્રસ્ટી શિવલાલભાઈ ગઢીયા, ડા. પી. જે. પીપળીયા હાજર રહી અંધશ્રદ્ધાથી માનવજાતને પાયમાલી મળી છે તેને તિલાંજલિ સાથે મળીને આપીએ તે સંબંધી વાત ઉચ્ચારી હતી.

જાથાના રાજય ચેરમેન– એડવોકેટ જયંત પંડયાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે પૃથ્વી ઉપર તાપમાનમાં ખૂબ જ વધારો કે ખૂબ ઘટાડો જેવા ફેરફારો થઈ રહ્યા છે તેથી વારંવાર પુર હોનારત અને દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થાય છે. જે રીતે ભૂસ્ખલન અને બરફની ચાદર નિઃશેષ થઈ રહી છે. દરિયાની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. સમગ્ર પર્યાવરણમાં અસંતુલન અને તેના કારણે પશુ, પક્ષી, વનસ્પતિ નામશેષ થઈ રહ્યા છે તે ચિંતાનો વિષય છે. માણસની વેપારી વૃત્તિ ખતરનાક સાબિત થવાની છે. ભારતમાં અવૈજ્ઞાનિક વિચારોનો પ્રચાર પુરજોશમાં જોવા મળે છે જે નુકશાનકારક છે. સરકારે વિજ્ઞાન પાછળ બજેટ ફાળવવું જોઈએ તે કરવામાં આવતું નથી. પર્યાવરણને અધઃપતન નિવારવાનીતાતી જરૂરી છે. ઉદ્યોગજગત, વેપારીકરણ, ગેચર જમીન, પ્રદુષણમાં વધારો જેવી બાબતો વર્તમાન સરકારની ઉપેક્ષા ચિંતાજનક છે. પ્રકૃતિ કુદરતના નિયમોનું પાલન કરવું અતિ જરૂરી બન્યું છે. વૈજ્ઞાનિકોના વિચારોને પ્રાધાન્ય આપવાની જરૂર છે. સરકારનું અવૈજ્ઞાનિક માનસના પરિણામો લોકોએ ભોગવવા તૈયાર રહેવું પડશે. વૈજ્ઞાનિક કાર્યક્રમોને બદલે અવૈજ્ઞાનિક પ્રચાર–પ્રસાર જોવા મળે છે. પ્રત્યેક નાગરિકનું ઉત્થાન થવું જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં બેરોજગારી, મોંઘવારી યક્ષ પ્રશ્ન બની રહ્યો છે. તેવા પ્રશ્નોને પ્રયાન દોરવાને બદલે બીજી બાબતો લોકો સમક્ષ મુકવામાં આવે છે. લોકો જાગતા સુતા છે તેથી કોઈપણ સરકાર પોતાના વિચારો ઠોકી બેસાડી દેવાના પ્રયાસોને જાથા વખોડે છે. વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે અંધશ્રદ્ધામાંથી બહાર લાવવા સહિયારો પ્રયત્ન કરવો પડશે. માનવ–રાષ્ટ્ર ધર્મ સર્વશ્રેષ્ઠ છે. પુરૂષાર્થ, વાસ્તવવાદની જરૂરીયાત છે. દેશમાં શિક્ષણની જરૂર છે તેના બદલે ધાર્મિક ઉન્માદ જોવા મળે છે. યુનિવર્સિટી શિક્ષણ સંસ્થા, ટેકનીકલ, આરોગ્ય, રોજગારી સંસ્થાની જરૂરીયાત છે. નવા ધાર્મિક સ્થાનોની કોઈ જરૂરીયાત નથી. સરકાર લોકોની નાડ પારખી અવનવા અખતરા કરે છે. સત્તા ઉપર કેમ કાયમી ટકી રહેવું તેવા પ્રોજેકટ મુકવામાં આવે છે. લોકોની માનસિકતા પ્રમાણે પીરસવામાં આવે છે. ધર્મ–ધાર્મિકતા, ધાર્મિક–રાજકીય નેતા માટે મરવા કરતાં દેશ માટે મરવા તૈયાર નથી. આધ્યાત્મિક, સંસ્કૃતિના ગુણગાન કરવાથી એકપણ પ્રશ્ન હલ થવાનો નથી. ધાર્મિક નેતાથી દેશનો એકપણ પ્રશ્ન ઉકેલી શકાયો નથી.

લોકોએ જાગવાની જરૂર છે. સનાતનનું નામ લઈ અમુક સંગઠનો પોતાનું ધાર્યુ કરવા હથિયારનો ઉપયોગ કરે છે. આવા તત્વો દેશના પ્રાણ પ્રશ્નો માટે કશું જ કરતા નથી. લોકોએ સજાગતા રાખવાની જરૂર છે. સનાતન ધર્મનો સાચો અર્થ તેની જરૂરીયાત સંશોધનનો વિષય છે. વિશેષમાં એડવોકેટ જયંત પંડયાએ ભૂત, પ્રેત, મામો, ખવીશ, ડાકણ–ચુડેલ, આસુરી– મેલીવિદ્યા જેવી અવૈજ્ઞાનિક જેનું અસ્તિત્વ જ નથી તે નડે કઈ રીતે તેવી જાણકારી આપવામાં આવી હતી. વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, ટેરા, સિગ્નેચર, છાયા, અંક વિગેરે પોકળ શાસ્ત્રોની વર્તમાન સમયે બોલબાલા છે જે અધઃપતનનો માર્ગ છે. અંધશ્રદ્ધા, જયોતિષ, કપોળકલ્પિત શાસ્ત્રોને અનુસરવાથી અધોગતિ–બરબાદી જ મળે છે તેને ફગાવવા અપીલ કરવામાં આવી હતી. જાથા લોકોને જોડવાનું કામ દેશભરમાં કરે છે. પોતાનો પરિવાર કેમ સુખી થાય તેવા વિચારો મુકવામાં આવે છે. અમુક લેભાગુઓ લોકો અવળે માર્ગે વાળીને ખોટી વાતો મુકે છે. તેથી સાચી સમજ કેળવી પોતાનો વિકાસમાં રસ કેળવવો જોઈએ.

જાથાના ભાનુબેન ગોહિલે માથા ઉપર સગડી રાખી પ્રયોગ નિદર્શન કરતાં થોડીવાર કેતુંક ઉભું થયું હતું. પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ–ભસ્મ, લોહી નીકળવું, રૂપિયાનો વરસાદ, હઝરતમાં જોવું, બેડી તુટવી, ઈલમ, ભુવાની સાંકળ મારવાની ડિંડકલીલા, મોઢામાં અંગારા ખાવા, શરીર ઉપર સળગતા કાકડા ફેરવવા જેવાનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવેલ.

## અમરેલી : ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભ ૩.૦ સ્કેટીંગ સ્પર્ધામાં ટોપ થ્રીમાં સ્થાન મેળવ્યું



અમરેલી, તા. ૯

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ ૧૦૦૦–૫૦૦ મીટર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ,બ્રોન્ઝ અને સિલ્વર મેડલ સાથે અમરેલી જિલ્લાનું ગેરવ વધાર્યું, તારીખ ૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ખેલ–મહાકુંભ ૩.૦ સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન રાજુલા મુકામે થયેલ હતું, જેમાં ૧૦૦૦–૫૦૦ મીટર સ્પર્ધામાં (૧) અંડર–૧૧ રાઠોડ વિશ્વમ નિલેશભાઈ ગોલ્ડ મેડલ (૨) અંડર–૧૭ સોરઠીયા રાજ હરેશભાઈ ગોલ્ડ મેડલ (૩) અંડર–૧૧ પિલુકિયા જેનિલ જગદીશભાઈ સિલ્વર મેડલ (૪) અંડર–૧૪ બેહનોમાં ધડુક રાજવી મધુસુધનભાઈ સિલ્વર મેડલ, તેમજ ૧૦૦૦ મીટર સ્પર્ધામાં (૧) અંડર–૧૪ પટેલ હેનીલ પ્રકાશભાઈ ગોલ્ડ મેડલ (૨) અંડર–૧૪ રામાનુજ દર્શિલ મિતુલભાઈ બ્રોન્ઝ મેડલ મેળવેલ. સેપ્રથમવાર અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી ગોલ્ડ મેડલ મેળવી વિદ્યાર્થીઓએ સંસ્થા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરેલ, વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિઃશૂલ્ક નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂ પાડવામાં આવે છે જેથી વધુ સારી રીતે વિદ્યાર્થીઆ સ્પોટ્ર્સમાં ઉજવળ કારકીર્દી બનાવીશકે. આ તકે સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી ચતુરભાઈ ખૂટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા.

# અમરાપર ગામના ખેડૂતે પ્રાકૃતિક ખેતીના ઉત્કૃષ્ટ પરિણામોથી રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ચકિત કર્યા










સમય વિતવાની સાથે પ્રાકૃતિક ખેતીના પરિણામો રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને આશ્ચર્યમાં મૂકી રહ્યા છે, તેવું જ કંઈક બન્યું છે અમરેલીના અમરાપુર ગામે. છેલ્લા એક દાયકાથી પ્રાકૃતિક ખેતી કરી રહેલા ઘનશ્યામભાઈ રાજપરાએ, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી આંબાવાડીના સફળ ઉછેરના પરિણામે તેમની આસપાસ રાસાયણિક પદ્ધતિથી ખેતી કરતા ખેડૂતોને ચોંકાવી દીધા છે. અમરાપુર ગામના આસપાસ વિસ્તારમાં આંબાની બાગનો વાવેતર કે, ઉછેર અશકય ગણવામાં આવતો હતો. પરંતુ પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતોને દ્રઢતાથી વરેલા ઘનશ્યામભાઈ રાજપરાએ અશકયને શકય કરી બતાવ્યું છે. પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી ઉત્કૃષ્ટ પરિણામો મળી શકાય છે, તેમનું તેમણે ઉદાહરણ પૂરૂ પાડયું. તેઓ કહે છે કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી આંબાના આ સફળ ઉછેરના લીધે આસપાસના અન્ય ખેડૂતોએ અંદાજે ૩,૦૦૦ જેટલાં આંબાનું વાવેતર કર્યુ છે.

તેઓ કહે છે કે, પાંચ વીઘા જમીનમાં પંચસ્તરીય ફાર્મથી આ સફળતા મળી છે. પંચસ્તરીય ફાર્મનો ફાયદો એ છે કે, ખેડૂતોને સતત તેમાંથી આવક પ્રાપ્ત થતી રહે છે, પંચસ્તરીય ફાર્મમાં આંબા, સીતાફળ, જામફળ, ચીકુ, ખારેક વગેરે ફળઝાડનું વાવેતર કર્યુ છે. તેની સાથે દુધી, કારેલા, ગલકા, તુરિયા, મરચા, રીંગણી વગેરે શાકભાજીનું વાવેતર કર્યુ છે. આમ, ખેડૂતોને શાકભાજીની આવક બારેમાસ થતી રહે છે. તેઓ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી પકવેલા આ શાકભાજીને પોતાના ગુરૂકૃપા પ્રાકૃતિક ફાર્મ ખાતેથી જ ઘણુંખરૂ વેચાણ કરી દે છે. સુરત, રાજકોટ જેવા શહેરોમાં રહેલા તેમના ગ્રાહકોને પાર્સલથી શાકભાજી સહિતની પ્રાકૃતિક પદ્ધતિથી પકવેલી ખેત પેદાશ મોકલી આપે છે. ઉપરાંત આ પ્રગતિશીલ ખેડુત FPOના માધ્યમથી પણ આ કૃષિ પેદાશોનું વેચાણ કરે છે. તેઓ કહે છે કે, જમીન ન બગડે અને શુદ્ધ તથા આરોગ્યપ્રદ અનાજ–શાકભાજી મળી રહે તેવા આશય સાથે આજથી દશેક વર્ષ પૂર્વે પ્રાકૃતિક ખેતી શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો ત્યારે તે ખોટનો ધંધો ગણાવતા હતા. પરંતુ આજે અનેક ખેડૂતો અમારા ફાર્મની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત થઈ રહ્યા છે. હવે ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ કરવા માટે એક વિાસ પણ ઊભો થઈ રહ્યો છે. પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો પર દ્રઢ વિાસ ધરાવતા ઘનશ્યામભાઈ જણાવે છે કે, જમીનમાં ભેજ સંગ્રહ શકિત વધારવા અને પાકના પોષણ માટે અચ્છાદાન અચૂક કરવું જોઈએ. તેની સાથે બીજામૃતનું પણ એટલું જ મહત્વ છે. આ ઉપરાંત જીવામૃત, ઘન જીવામૃતનો પણ પુષ્કળ ઉપયોગ કરવો જોઈએ. રોગ નિયંત્રણ માટે દશપર્ણી અર્ક, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર, અજમાસ્ત્રનો છંટકાવ કરવો આવશ્યક છે. તેઓ કુલ ૨૦ વીઘા જમીનમાં કપાસ, મગફળી, મગ, અડદ, ચણા, તુવેર, ધાણા વગેરે પાકોની ખેતી કરી રહ્યા છે. આ સાથે તેનું વેલ્યુ એડિસન એટલે કે મૂલ્ય વર્ધન પણ કરી રહ્યા છે. આ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી પકવેલ ખેત ઉત્પાદન હોવાથી તેની માંગ પણ રહે છે અને બજાર કરતા આ ખેત પેદાશોનો ભાવ પણ વધુ મળે છે તેમ તેમણે જણાવ્યું હતું. તેઓ કહે છે, સરકારના આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવા અને ખેડૂતોને સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે સમયાંતરે ફાર્મ વિઝીટ કરવાની સાથે તાલીમનું પણ આયોજન કરે છે, જે ખેડુતો માટે માર્ગદર્શક અને ઉપયોગી નીવડે છે. જેથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત થઈ રહ્યા છે. આ ઉપરાંત તેમણે પ્રાકૃતિક કૃષિની મુહીમને તેજીથી આગળ વધારવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને ગુજરાત રાજય સરકારનો આભાર કર્યો હતો. પ્રાકૃતિક કૃષિ માટે ઘનશ્યામભાઈએ ૧૫ વર્ષ જૂનો જંતુનાશક દવાનો ધંધો પણ છોડી દીધો! ઘનશ્યામભાઈ રાજપરાએ, પ્રાકૃતિક કૃષિ શરૂ કરી તે પૂર્વે ૧૫ વર્ષ જંતુનાશક દવાની દુકાન એટલે કે એગ્રોનો પણ વ્યવસાય કરતા હતા એ તેમનો ધિકતો ધંધો હતો, વાર્ષિક રૂ.૨૫ લાખ જેટલું ટર્નઓવર હતું. આ સમય દરમિયાન તેમણે પ્રાકૃતિક કૃષિ અપનાવી હતી. ત્યારે અન્ય ખેડૂતો રાત્રે પાકમાં દવાનો છંટકાવ કરતા હોવાનું જણાવતા એટલે તેમણે આ ધિકતા ધંધાને છોડી દીધો હતો, તેમ તેમણે જણાવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરાનાં દબાણકર્તાઓએ

ગુરૂવારથી જ દબાણ હટાવવાની કામગીરી સ્વયં વેપારીઓએ જ શરૂ કરી દીધેલ છે.

વિગત અનુસાર બગસરા શહેરના બાયપાસ વિસ્તાર તેમજ જેતપુર રોડ પર દબાણ દૂર કરવાની કામગીરી તંત્ર દ્વારા પૂર્ણ કર્યા બાદ શહેરી વિસ્તારના મુખ્ય માર્ગો પર દબાણ દૂર કરવા માટે બગસરાના ભૂતનાથ મંદિરથી હુડકો વિસ્તાર સુધીના ૩૨ વેપારીઓને તેમના દ્વારા કરવામાં આવેલ દબાણ બાબતે તંત્ર દ્વારા નોટિસ પાઠવી દેવામાં આવી હતી. તંત્ર દ્વારા બુધવારે નોટિસ પાઠવવામાં આવતા ગુરૂવારથી જ વેપારીઓએ પોતાની દુકાનના પતરા ઉતારી ધીમે ધીમે જાતે જ દબાણ દૂર કરવાનું શરૂ કરી દીધું હતું. જેને કારણે મુખ્ય માર્ગ ખુલ્લો થવા લાગ્યો છે. વેપારીઓ દબાણ દૂર કરવાનું કામ જાતે જ કામ શરૂ કરી દેતા ટૂંકા સમયમાં મોટાભાગનું દબાણ ખુલ્લુ થઈ જશે તેવું જણાઈ રહ્યું છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી મહાજન કેટરર્સ તથા મહાજન પાર્ટી પ્લોટના માલિક શશાંક લક્ષ્મીકાંત મહાજનના માતૃશ્રી સુભદ્રાબેન લક્ષ્મીકાંત મહાજનનું તારીખ ૭/૧/૨૫ના રોજ અવસાન થયેલ છે. સુભદ્રા બહેનના નિધનથી ઘેરો શોક વ્યાપી ગયો છે.

સદગતનું બેસણું તારીખ ૧૧/૧/૨૦૨૫ ને શનિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૭ મહાજન પાર્ટી પ્લોટ ગોપી ટોકીઝ પાસે રાખેલ છે.

## રાજુલામાં અંબાજી માતાનો પ્રાગટય મહોત્સવ ઉજવાશે



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૯

રાજુલા શહેરમાં આવેલ ગર્લ્સ હાઈસ્કુલ નજીક અંબાજી માતાજીના મંદિરનો પ્રાગટય મહોત્સવ ધામધૂમથી ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે ત્યારે આ દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે આ પ્રાગટય દિવસે દર્શન અભિષેકનાં દર્શનનું આયોજન કરવામાં આવેલ છે ત્યારે આ પ્રસંગે આ મંદિરના પૂજારી કનુબાપુ ગોંડલીયા એ ધર્મપ્રેમી જનતાને આ દર્શનનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## સાવરકુંડલા : ''કલા ઉત્સવ'' સ્પર્ધામાં એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલનો દબદબો



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા તાલુકા કક્ષાનો કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન એમ. એલ.શેઠ. વ્યાયામ મંદિર ખાતે થયું હતું. જેમાં સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ. વી દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ ઘણી સ્પર્ધામાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું જેમાં નિબંધ સ્પર્ધા – ( ૬ થી ૧૪ ) વર્ષ , કોઠીયા ધાર્મિ અનિભાઈ પ્રથમ નંબર, સૈયદ નમીરા ફિરોજભાઈ ( ૧૫ થી ૨૦ ) વર્ષ પ્રથમ નંબર, ચિત્રકલા – ગુંધળી નમ્રતા દિલીપભાઈ, પ્રથમ નંબર, સમુહ ગીત ( ૧૫ થી ૨૦) વર્ષ કાનાણી કાજલ, કાનાણી હેમાંગી પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. તાલુકા કક્ષામાં પ્રથમ આવનાર બહેનો જિલ્લા કક્ષાના કલા મહાકુંભ ભાગ લેવા જશે. તૈયારી કરાવનાર પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા તેમજ સુપરવાઈઝર નિતાબેન ત્રિવેદી તેમજ શિક્ષક લાલજીભાઈ રાઠોડે જેહમત ઉઠાવી હતી. નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે ખૂબ – ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## સાવરકુંડલાનાં માર્કેટયાર્ડમાં ટ્રક ખાલી કરવા બાબતે મારામારી

અમરેલી, તા. ૯

સાવરકુંડલા મણીનગર અર્બન હેલ્થ સેન્ટરની બાજુમાં રહેતા નમિરાબેન શબ્બિરભાઈ જાદવ નામની મહિલાના જેઠ શીરજભાઈને માર્કેટીંગ યાર્ડ ખાતે તે જ ગામે રહેતા આરોપી અરમાનભાઈ બેલીમ સાથે ટ્રક ખાલી કરવા બાબતે બોલાચાલી થયેલ અને જે બાબતે સમાધાન પણ થઈ ગયેલ હતુ. તે વાતનુ મનદુઃખ રાખી તા. ૭ના રોજ રાત્રે ૧૧ વાગ્યે આરોપી રૂસ્તમભાઈ બાબુભાઈ કાજી લોખંડનો પાઈપ લઈ આરોપી શાહરૂખભાઈ પઠાણ છરી લઈને તેમજ અરમાનભાઈ બેલીમ ટોમી લઈ આરોપી શબ્બિરભાઈ બેલીમ લોખંડનો પાઈપ લઈને તેમજ આરોપી આસીફભાઈ ચૌહાણ લાકડાનો ધોકો લઈને તેમજ તેની સાથે અન્ય બીજા ઈસમ લોખંડના પાઈપ અને લાકડાના ધોકાથી મહિલાનો લોખંડનો ડેલો તોડીને અંદર આવી ફળીયામાં તથા ઘરની અંદર તોડફોડ કરી આશરે રૂપિયા ૨૦,૦૦૦ નું નુકશાન કરી શબ્બિરભાઈ તથા સીરાજભાઈને આરોપીએ માર મારી મહિલા કેશરબેન બચાવવા જતા મહિલાને માર મારેલ હતો. કેશરબેનને પેટે પાટા મારેલ અને પીઠના ભાગે ધોકો મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૫૨૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૦૦ | ૬૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૫ | ૧૧૪૫ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૩૨ | ૧૧૯૬ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૯૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૮૫ | ૧૧૯૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૫૦૦ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૪૬૨૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૨૦ | ૨૮૨૦ |
| ૮ | બાજરો | ૫૩૧ | ૫૮૦ |
| ૯ | જુવાર | ૪૫૫ | ૧૦૩૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૭૬ | ૬૭૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૭૧ | ૬૫૩ |
| ૧૨ | અડદ | ૧૦૩૫ | ૧૫૬૨ |
| ૧૩ | ચણા | ૭૮૫ | ૧૨૨૩ |
| ૧૪ | ચોળી | ૧૭૨૦ | ૧૭૨૦ |
| ૧૫ | તુવેર | ૯૫૦ | ૧૭૦૮ |
| ૧૬ | કપાસ | ૮૬૦ | ૧૫૪૨ |
| ૧૭ | એરંડા | ૧૧૨૨ | ૧૨૧૬ |
| ૧૮ | જીરૂ | ૪૧૦૦ | ૪૩૫૦ |
| ૧૯ | ધાણા | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ૨૦ | સોયાબીન | ૫૦૦ | ૮૩૨ |
| ૨૧ | રજકાનું બી | ૧૮૦૦ | ૪૧૦૦ |
| ૨૨ | મરચા લાંબા | ૪૧૦ | ૩૧૭૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૪ |
| ૨ | મગફળી | ૮૬૦ | ૧૦૭૫ |
| ૩ | ઘઉં | ૫૯૨ | ૬૦૨ |
| ૪ | ચણા | ૧૧૮૦ | ૧૨૦૦ |
| ૫ | ધાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૦૫૧ | ૧૧૮૦ |
| ૭ | સોયાબીન | ૬૦૦ | ૭૯૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૬૮ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૩ | શીંગ ગીરનારી | – | ૧૧૪૧ |
| ૪ | તલ સફેદ | ૧૯૩૦ | ૨૩૦૦ |
| ૫ | તલ કાળા | ૩૧૪૫ | ૪૬૮૦ |
| ૬ | જીરૂ | ૪૦૭૫ | ૪૪૪૫ |
| ૭ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૭૦ | ૬૭૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૯૨ |
| ૧૦ | બાજરો | ૬૫૦ | ૭૨૧ |
| ૧૧ | જુવાર | ૮૦૦ | ૮૬૦ |
| ૧૨ | અડદ | ૧૧૫૦ | ૧૫૫૦ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૧૪ | તુવેર | ૧૦૫૦ | ૧૫૦૧ |
| ૧૫ | એરંડી | ૧૧૨૫ | ૧૧૭૧ |
| ૧૬ | સોયાબીન | ૭૮૦ | ૭૯૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૧ | ૧૫૧૨ |
| ૨ | મગફળી | ૧૦૨૦ | ૧૧૫૨ |
| ૩ | તલ કાળા | ૪૬૫૧ | ૪૬૫૧ |
| ૪ | જુવાર | ૪૦૦ | ૬૬૨ |
| ૫ | સોયાબીન | ૭૪૧ | ૭૬૦ |
| ૬ | તુવેર | ૧૪૧૧ | ૧૪૯૯ |
| ૭ | અડદ | ૯૦૦ | ૧૨૫૧ |
| ૮ | ઘઉં | ૫૮૦ | ૫૮૦ |
| ૯ | મકાઈ | ૪૦૧ | ૫૭૧ |
| ૧૦ | જીરૂ | ૩૯૫૦ | ૪૨૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૩૪ |
| ૨ | ઘઉં લોકવન | ૫૫૩ | ૬૩૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૮૬ | ૬૨૬ |
| ૪ | મગ | ૧૧૦૦ | ૧૪૪૫ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૮૦૨ |
| ૬ | મગફળી | ૬૦૦ | ૧૦૦૦ |
| ૭ | ચણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૮ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૯ | ધાણા | ૧૩૯૦ | ૧૪૨૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૧૫ | ૧૧૮૦ |
| ૧૧ | અડદ | ૧૨૮૫ | ૧૩૫૦ |
| ૧૨ | જુવાર | ૫૫૩ | ૫૫૩ |
| ૧૩ | જીરૂ | ૩૦૦૦ | ૪૩૦૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૧૮૦ | ૧૧૮૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૧૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૩૦ | ૧૩૧૫ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૭૫ | ૧૧૩૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૮૫ | ૧૦૬૫ |
| ૫ | અડદ | ૧૧૮૦ | ૧૨૪૦ |
| ૬ | ઘઉં | ૫૨૬ | ૬૩૪ |
| ૭ | તલ સફેદ | ૨૦૪૦ | ૨૧૧૦ |
| ૮ | જીરૂ | ૩૯૨૫ | ૪૩૨૫ |
| ૯ | સોયાબીન | ૭૭૧ | ૭૮૯ |
| ૧૦ | ચણા | ૧૧૮૫ | ૧૨૨૫ |
| ૧૧ | તુવેર | ૧૨૭૦ | ૧૪૬૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૩૦ | ૯૮૪ |
| ૨ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૩૯૦ |
| ૩ | તલ પીળા | ૨૭૦૦ | ૨૯૦૧ |
| ૪ | કપાસ | ૧૨૮૬ | ૧૪૯૫ |
| ૫ | બાજરો | ૪૭૦ | ૬૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૫૬ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૯૨૦ |
| ૮ | મગ | ૨૨૫૦ | ૨૩૫૧ |
| ૯ | અડદ | ૭૦૧ | ૧૬૭૫ |
| ૧૦ | તુવેર | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ધાણા | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૧૩ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૪ | સોયાબીન | ૬૨૫ | ૭૯૩ |

# દામનગર લોહાણા મહાજન દ્વારા સમૂહ મહાઆરતી અને સમૂહ ભોજન પ્રસાદનો કાર્યક્રમ યોજાયો



દામનગર લોહાણા મહાજન દ્વારા તા. ૨ જાન્યુઆરી સાંજના સંત શીરોમણી પુજય જલારામ બાપાની સમસ્ત રઘુવંશી સમાજ દામનગર દ્વારા સમુહ મહા આરતી અને સમસ્ત રઘુવંશી સમાજનું જ્ઞાતી સમૂહ ભોજન પ્રસાદનું સમસ્ત રઘુવંશી સમાજ અને જીલ્લાભરના રઘુવંશી શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં લોહાણા મહાજન વાડીમાં દિવ્ય અને ભવ્ય રીતે કાર્યક્રમ યોજાયો હતો. આ ભવ્ય કાર્યક્રમમાં સહુ પ્રથમ પુજય જલારામ બાપાની સમસ્ત રઘુવંશી સમાજના ભાઈઓ–બહેનો અને યુવાનોએ જલારામ બાપાના જય ઘોષ સાથે સમૂહ મહા આરતી લીધી હતી. ત્યારબાદ ઉપસ્થિત જીલ્લાભરના રઘુવંશી અગ્રણીઓને દામનગર લોહાણા મહાજન વતી સંજયભાઈ તન્નાએ ભાવથી આવકારી શબ્દોથી સ્વાગત કર્યુ હતુ ત્યાર બાદ દામનગર લોહણા મહાજનના પ્રમુખ ભીખુભાઈ અને આગેવાનો દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનુ પુષ્પગુચ્છ અર્પણ કરી ખુબ જ ભાવથી સ્વાગત સન્માન કરવામાં આવેલ હતા. ઉપસ્થિત આગેવાનોએ પોતાના ઉદબોધનમા રઘુવંશી સમાજની એકતા, સંગઠન, આરોગ્ય, એજયુકેશન અને ધર્મને લગતી વાતોથી માહિતગાર કર્યા હતા. આજના સમૂહ જ્ઞાતી ભોજન પ્રસાદના મુખ્ય યજમાન સંજયભાઈ તન્ના અને તુષારભાઈ તન્ના હતા. આ તકે ગુજરાત લોહાણા મહાજનના વરિષ્ઠ આગેવાન ચંદ્રેશભાઈ રવાણી અને મહેશભાઈ મશરૂ આ કાર્યક્રમમાં અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત રહી ન શકતા તેઓએ આ કાર્યક્રમને શુભ સંદેશો પાઠવ્યો હતો. આ કાર્યક્રમને દિપાવવા માટે અમરેલી જીલ્લા રઘુવીર સેના પ્રમુખ વિશાલભાઈ સોઢા, ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, રવિભાઈ ભીમજીયાણી, જીગ્નેશભાઈ પોપટ, લીલીયા થી લોહાણા મહાજન પ્રમુખ હિતેશભાઈ કારીયા, જયેશભાઈ ઉનડકટ, ગારીયાધારથી રઘુવંશી અગ્રણી રાજુભાઈ જીવનરાજણી ઉપસ્થિત રહ્યા હતા. અંતમા સહુ રઘુવંશી સમાજે એકી સાથે પંગતમા સમૂહ જ્ઞાતી ભોજન પ્રસાદનો અમુલ્ય લાભ લઈને આનંદની લાગણી વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ તન્નાએ કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દામનગર લોહાણા મહાજન પ્રમુખના માર્ગદર્શન નીચે સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમ લોહાણા મહાપરીષદના સભ્ય પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે.

## ચલાલાની અનેરી ચંદારાણાએ આંત્તરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈ સમસ્ત રઘુવંશી સમાજનું ગૌરવ વધાર્યુ



ચલાલા, તા. ૯

તાજેતરમાં ખાદ્ય ખુરાકા આંતરરાષ્ટ્રીય સ્પર્ધા ૨૪નું આયોજન ગાંધીનગરમાં થયેલ હતું. તેમા દેશ સહીત વિવિધ દેશોના પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો. તેમાં ચલાલાના વતની હાલ સુરત રહેતા રઘુવંશી સમાજ અગ્રણી ભાવિકભાઈ ચંદારાણાની એડવોકેટ દિકરી બહેન ‘‘અનેરી’’ ચંદારાણાની પસંદગી થતા ગ્રાન્ડ કેક માસ્ટર સુપર સેફની સ્પર્ધામાં ગૌરવ પૂર્ણ ભાગ લીધો હતો. બહેન અનેરી ચંદારાણાએ આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈ સમસ્ત રઘુવંશી સમાજ અને ચલાલાનું ગૌરવ વધારેલ છે. આ સીધ્ધી હાંસલ કરવા બદલ બહેન અનેરી ચંદારાણાને લોહાણા મહાપરીષદના પ્રમુખ સતીષભાઈ વીઠલાણી, વિભાગીય લોહાણા મહજનના પ્રમખુ સુમિતભાઈ ઠકકર, ગુજરાત રાષ્ટ્રીય મંચના ઉપપ્રમખુ મહેશભાઈ નગદિયા, રઘુવંશીનુ ગૌરવ એવા રામધામ ટ્રસ્ટના વરિષ્ઠ અગ્રણી સોનલબેન વસાણી, ગુજારાત લોહાણા સમાજ અગ્રણી ચંદ્રેશભાઈ રવાણી, અમરેલી જીલ્લા રઘુવીર સેના પ્રમુખ વિશાલભાઈ સોઢા, લોહાણા મહાપરીષદ કારોબારી સદસ્ય પ્રકાશભાઈ કારીયા, અમરેલી જીલ્લા રઘુવીર સેના ઉપપ્રમુખ મહેશભાઈ મશરૂ સહિતના રઘુવંશી આગેવાનોએ અભિનંદન આપી આપ ઉતરોતર આપના ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કરી રઘુવંશી સમાજનું ગૌરવ વધારતા રહો તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## અમરેલી વાહન વ્યવહાર કચેરી દ્વારા તા.૧૦મીએ ટ્રાન્સપોર્ટ વાહનોના ડ્રાઇવર્સ માટે હેલ્થ ચેક અપ કાર્યક્રમનું આયોજન

અમરેલી, તા. ૯

અમરેલી વાહન વ્યવહાર કચેરી દ્વારા તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ – નેશનલ રોડ સેફટી મંથ–૨૦૨૫ની ઉજવણીનું આયોજન છે. આ કાર્યક્રમ અન્વયે તમામ ટ્રાન્સપોર્ટ વાહનોના ડ્રાઈવર્સ માટે આંખ, કાન, શુગર, બ્લડ પ્રેશર જેવી બિમારીઓના નિદાન માટે હેલ્થ ચેક અપ કાર્યક્રમ યોજાશે. તા.૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી અમરેલી સ્થિત લાઠી બાયપાસ રોડ પરની ચોકડી ખાતે આવેલા અમર ટ્રેકટર ખાતે યોજવામાં આવનાર આ હેલ્થ ચેક અપ કેમ્પમાં અમરેલી જિલ્લાની મોટરીંગ પબ્લિકને તેનો લાભ લેવા અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.


## સ્ટાફ જોઈએ છે

શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ સંચાલિત

**બી.એસ.સી., બી.સી.એ. તથા આર્ટસ કોલેજ**

રંગપુર રોડ, જેસિંગપરા, અમરેલી

| જગ્યાની વિગત | B.A.કોર્સ માટે | | B.Sc.કોર્સ માટે | | B.C.A.કોર્સ માટે | |
|---|---|---|---|---|---|---|
| | જગ્યા | શૈક્ષણિક લાયકાત | જગ્યા | શૈક્ષણિક લાયકાત | જગ્યા | શૈક્ષણિક લાયકાત |
| આચાર્ય | ૦૧ | B.A.M.A.-55% સાથે તેમજ NET/SLET/PHD તથા ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ | ૦૧ | B.Sc.M.Sc.-55% સાથે તેમજ NET/SLET/PHD તથા ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ | ૦૧ | B.C.A.M.C.A.-55% સાથે તેમજ NET/SLET/PHD તથા ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ |
| વ્યાખ્યાતા | ૨૨ | વિષયો- ગુજરાતી,હિન્દી,અંગ્રેજી, સંસ્કૃત,ઇતિહાસ,ભૂગોળ, સમાજશાસ્ત્ર,અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન તત્વજ્ઞાન B.A.M.A.-55% સાથે તેમજ NET/SLET/PHD | ૧૨ | વિષયો- માઈક્રોબાયોલોજી,ફિઝિક્સ બાયોટેકનોલોજી, કેમિસ્ટ્રી, બાયોકેમિસ્ટ્રી, ગણિત, B.Sc.M.Sc.-55% સાથે તેમજ NET/SLET/PHD | ૦૪ | વિષયો- કોમ્પ્યુટર એપ્લીકેશન B.C.A.M.C.A.-55% સાથે તેમજ NET/SLET/PHD |
| લાઈબ્રેરીયન | ૦૧ | B.Lib, M.Lib-55% સાથે | ૦૧ | B.Lib, M.Lib-55% સાથે | ૦૧ | B.Lib, M.Lib-55% સાથે |
| પી.ટી.આઈ. | ૦૧ | B.P.Ed., M.P.Ed.-55% સાથે | ૦૧ | B.P.Ed., M.P.Ed.-55% સાથે | ૦૧ | B.P.Ed. M.P.Ed.-55% સાથે |
| કલાર્ક | ૦૨ | ગ્રેજ્યુએટ તેમજ કોમ્પ્યુટર જ્ઞાન હોવું જરૂરી છે | ૦૨ | ગ્રેજ્યુએટ તેમજ કોમ્પ્યુટર જ્ઞાન હોવું જરૂરી છે | ૦૨ | ગ્રેજ્યુએટ તેમજ કોમ્પ્યુટર જ્ઞાન હોવું જરૂરી છે |
| પટ્ટાવાળા | ૦૨ | ધોરણ - ૧૦ પાસ | ૦૨ | ધોરણ - ૧૦ પાસ | ૦૨ | ધોરણ - ૧૦ પાસ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ પ્રમાણપત્રોની નકલ તથા પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે દિન-૧૦ માં નીચેના સરનામે અરજી કરવાની રહેશે.

અરજી મોકલવાનું સરનામું – બી.એસ.સી., બી.સી.એ. તથા આર્ટસ કોલેજ, રંગપુર રોડ, જેસિંગપરા, અમરેલી.

મોબાઈલ નંબર : 94262 29671 / 99256 90055 અતુલભાઈ જાની : 94262 29671


## જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તાર બન્યો નર્કાગાર



જાફરાબાદ તા. ૯

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં આવેલ તલાવડી વિસ્તારમાં મેન રોડ ઉપર પાઈપલાઈન ટુડેલ હોવાથી અવારનવાર મેન રોડ ઉપર વહેતાં પાણી પરંતુ જવાબદાર પાલિકાના અધિકારી જોવા તથા ડોકાવવા પણ આવતા નથી અહીં એટ્લી હદે પાણી વહી રહ્યું હોવાથી પાણી નું તળાવ ભરાઈ રહેતા હોવાથી રાહદારીઓ અહીંથી પસાર થતી મહીલાઓ તથા સિનિયર સિટીઝન તથા બાળકો સ્કૂલ જતા વિદ્યાર્થીઓ આ ભરાયેલા ખાબોચિયાં માંથી પસાર થવું પડી રહ્યું છે. અહીં બાજુમાં આવેલ ખેતરમાં ચોમાસા દરમિયાન ભરેલા પાણી તથા ગટર ના દુર્ગંધ મારતાં પાણી તથા તેની બાજુમાં ખડકાયેલા ઉકરડા માંથી પસાર થતું દુર્ગંધ મારતાં ડ્રેનેજ પાણી અવારનવાર રોડ ઉપર ચડતાં રાહદારીઓ અને વિધાથીર્ઓ અને મહિલાઓ ના પાડું નીચે થી પસાર થઈ રહ્યું છે. પરંતુ જવાબદાર પાલિકાના પ્રયાન ઉપર ક્યારે આવશે...?? અહીં પાણી ની પાઈપલાઈન રીપેરીંગ કરવા માટે અધવચ્ચે આરસીસી રોડ દોડવામાં આવેલ હોય તે ની પણ જવાબદાર અધિકારી દ્વારા રિપેરિંગ કામગીરી કરવામાં આવતી નથી આ તલાવડી વિસ્તારનો મેન રોડ હોય અહીં આજુબાજુમાં આવેલી સોસાયટીઓ માંથી મોટીસંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોય પરંતુ રોડ વચ્ચે દુર્ગંધ મારતાં ડ્રેનેજ પાણી વહેતાં રહેતા હોવાથી રાહદારીઓ ત્રાહીમામ પોકારી ઊઠયા છે. પરંતુ જવાબદાર અધિકારી ના પેટનું પાણી હલતું નથી સ્વચ્છતા અભિયાન માત્રને માત્ર કાગળ ઉપર ચાલતું હોય તેવું અહીં જોતા જ લાગી રહ્યું છે. પરંતુ સામાકાંઠા વિસ્તારમાં સાફસફાઈ નો અભાવ જોવા મળી રહ્યો છે. અહીં ના લોકો પાલિકા ને સફાઈ વેરો ભરવા છતાં પણ કોઈ પણ જાતની સાફસફાઈ કરવામાં આવતી ન હોવાથી લોકો પાલિકા સામે રોષ ઠાલવી રહ્યા છે. આ બાબતે લોક હિતમાં અવારનવાર અખબારમાં સમાચાર પ્રકાશિત પણ કરવામાં આવ્યાં છે. અને અહીં ના લોકો દ્વારા પણ મૌખિક રજૂઆતો પણ કરવામાં આવી હોવા છતાં પાલિકા ના જવાબદાર અધિકારી આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે.

અહીં રહેતા નાગરિકો ના આરોગ્ય સામે પણ ખતરો હોય કારણકે અહીં બાજુમાં જ ઉકરડો ખડકાયેલો હોવાથી મચ્છર, માખી, અને જીવજંતુઓ મોટી માત્રામાં હોય કોઈ મોટા રોગચાળો વકર્યો તો જવાબદારી કોની??? આ બાબતે પાલિકા ગંભીરતા લેવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવે છે. આ બાબતે વહીવટી તંત્ર પ્રયાન ઉપર લઈ તાત્કાલિક ધોરણે અહીં ખડકાયેલો ઉકરડો અને રોડ ઉપર વહેતાં પાણી દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી લોકો માંથી માંગ ઉઠી છે.

## રાજુલા : ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાનો સ્કેટિંગ કાર્યક્રમ યોજાયો




રાજુલા, તા. ૯

રાજુલા શહેર મહાકુંભનું જીલ્લા કક્ષાનું આયોજન રાજુલાના ઈતિહાસમાં પ્રથમવાર સ્કેટિંગ અને કરાટે સ્પર્ધા બીએ પી એસ મંદીરમાં ભવ્ય આયોજન એવરેસ્ટ સ્પોટર્સ એન્ડ એજયુકેશનના નેજા નીચે મશરૂ ઘનશ્યામ મશરૂ કપિલ તેમજ ચિંતન જોશી, જે.ડી.ધાખડા, હરેશ ગોહિલ, સાગર વાળા, દિવ્યેશ ભાલીયા, જયદીપ કોટિલા, નીલ કંસારા સહિત ગ્રુપના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. જેમાં રેફરી તરીકે ભાવનગરના પ્રણવભાઈ દિનેશભાઈ સુમિતભાઈ તથા શુભમભાઈ રાઠોડ, ઉમેશભાઈ બારૈયા રહ્યા હતા. જેમાં ઉદઘાટનમાં સગરભાઈ સરવૈયા, ડો. હિતેષભાઈ હડીયા, કનુભાઈ વરૂ, વિહિપ, પ્રમુખ યુવરાજભાઈ ચાદુ, ગૌરાંગ મહેતા, સંદીપભાઈ જોશી, ડોકટર જીતેશ મૂછડીયા, દિનેશ સરવૈયા, કલ્પેશભાઈ મનીષ વાઘેલા સહિતના લોકો ખાસ હાજર રહ્યા હતા આ કાર્યક્રમમાં આશરે ૧૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમ મશરૂ ઘનશ્યામની યાદીમાં જણાવાયું છે.

## અમરેલીમાં ૧૫ જાન્યુઆરીનાં રોજ ગાયત્રી મંદિર ખાતે ૧૬૦માં નેત્રયજ્ઞનું આયોજન

અમરેલી, તા. ૯

અમરેલી ચિતલ રોડ પર આવેલ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી મંદિર ખાતે ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ૧૬૦મોં નેત્રનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

રણછોડદાસ હોસ્પિટલ અને ગાયત્રી પરિવાર ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે દર મહિનાના ત્રીજા બુધવારે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવે છે ત્યારે આ મહિનાના ૧૫/૧/૨૦૨૫ને બુધવારના રોજ સવારે ૯:૦૦ કલાકે આ નેત્રયજ્ઞનો શુભારંભ કરવામાં આવશે જેમાં નેત્રની ચિકિત્સા અને મોતિયો જેવા ઓપરેશન તદ્દન નિઃશુલ્ક કરી આપવામાં આવશે તો આ નેત્રયજ્ઞનો અમરેલી જિલ્લાની જનતા વધુને વધુ લાભ ઉઠાવે તેવું ગાયત્રી પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી મનીષ સંઘાણી દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

## ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ.નિકુલ (સન્ની) વિનુભાઈ ડાબસરા** સ્વ.તા. ૩૦-૧૨-૨૦૨૪,

( ચેરમેન : દબાણ હટાવ સમિતિ નગરપાલિકા – અમરેલી )

બજરંગદળના જિલ્લા સંયોજક અમારા સાથી મિત્ર વિદુરભાઈ ડાબસરાના ભાઈ અને અમરેલી નગરપાલિકાના દબાણ હટાવ સમિતિના ચેરમેન સ્વ.નિકુલ (સન્ની) ડાબસરાના ઓચિંતા નિધનથી અમો ખુબ જ ઉંડી દુઃખની લાગણી અનુભવીએ છીએ. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન છે. પરમ કૃપાળુ પરમાત્મા સદગતના પરિવારને આ પહાડસમુ દુઃખ સહન કરવાની શકિત આપે અને સદ્દગતના આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે એ જ અમારી પ્રાર્થના.. ૐ શાંતિ...

લી.

| | | |
|---|---|---|
| ઇતેશભાઇ મહેતા | વિદુરભાઇ ડાબસરા | મહાવીર વિછીયા |
| વિજયભાઇ દેસાઇ | જીગીશુભાઇ મહેતા | પ્રતાપસિંહ રાઠોડ |
| રશ્મિનભાઇ ત્રિવેદી | અશ્વિનભાઇ વઢેલ | રમેશભાઇ સોરઠીયા |
| ઇશ્વરભાઇ રાજયગુરૂ | હર્ષદભાઇ વ્યાસ | નિલેશભાઇ શેખલીયા |
| પંકજભાઇ ત્રિવેદી | ઘનશ્યામભાઇ પરમાર | ગજેન્દ્રસિંહ શેખવા |
| દિલીપસિંહ ઠાકોર | અશોકભાઇ બાબરીયા | સંજયભાઇ લાખાણી |
| યુવરાજસિંહ પલવાર | મનિષભાઇ ઢોલરીયા | શિવરાજસિંહ વાળા |
| પ્રમોદભાઇ દિક્ષીત | રમિલાબેન પટોળીયા | કમલેશભાઇ અગ્રાવત |
| પ્રકાશભાઇ મહેતા | સેજલબેન સાંગાણી | |

અમરેલી જિલ્લા વિશ્વ હિંદુ પરિષદ-બજરંગદળ- દુર્ગાવાહિની સમગ્ર ટીમ

## રહેણાંક વિસ્તારમાં પાણીના ભરાવાથી રોગચાળાનો ખતરો

# અમરેલીનાં માણેકપરાનાં જાહેર માર્ગ ઉપર પાણીનો ભરાવો

**રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામો ખાસ કરીને ખાનગી હોસ્પિટલને લીધે પરેશાની વધી**

**ડો. સાવલિયાની હોસ્પિટલ સામેથી શરૂ કરીને રેલ્વે પાટા તરફ જતાં માર્ગ ઉપર પરેશાની**

**પાલિકા દ્વારા કયાં કારણોસર દરરોજ પાણીનો ભરાવો થાય છે તેની તપાસ કરી સમસ્યાનું નિરાકરણ કરવા માંગ**

**ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર ગંદકીનો માહોલ કોઈપણ સંજોગોમાં ઉભો થવો ન જોઈએ**



અમરેલી, તા. ૯

અમરેલીનાં માણેકપરા વિસ્તારમાંથી પસાર થતાં મહત્વનાં માર્ગ ઉપર દરરોજ પાણીનો ભરાવો થતાં સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોમાં નારાજગીનો માહોલ ઉભો થયો હોય પાલિકાનાં શાસકો સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ ઉભી થઈ છે.

ભીડભંજન મંદિરથી આગળ આવેલ ડો. સાવલિયાની હોસ્પિટલ સામેથી શરૂ કરીને છેલ્લે આવેલ રેલ્વે ટ્રક સુધીનાં મોટાભાગનાં માર્ગઉપર ખાનગી હોસ્પિટલો રહેણાંક વિસ્તારમાં ધમધમી રહી છે અને હોસ્પિટલમાં થતી સફાઈનું પાણી જાહેર માર્ગ પર આવતું હોવાનું સૌ માની રહ્યું હોય પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ ઉભી થઈ છે.

### કોઈ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

## સાવરકુંડલાનાં ૨૬ વર્ષિય યુવકે ઝેરી દવા પી લઈ અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૯

સાવરકુંડલા ગામે જુનો ખોડીનો માર્ગ વાડીમાં આવેલ આશિષભાઈ શૈલેષભાઈ ગળથીયા નામના ૨૬ વર્ષિય યુવકે તા. ૬ના રોજ રાત્રે ૯ વાગ્યે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ઉધરસની દવાનાં બદલે એસિડ પી લીધુ

## લીલીયાનાં સલડી ગામની વૃધ્ધાએ ભૂલથી એસિડ પી લેતા મોતને ભેટી

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૯

લીલીયા તાલુકાના સલડી ગામે રહેતા શાંતાબેન લાલજીભાઈ દેસાઈ નામના ૭૬ વર્ષિય વૃધ્ધાએ તા. ૨ ના સવારના ૧૦:૩૦ વાગ્યાના સમયે ઉધરસની દવાની બોટલને બદલે ભુલથી એસીડની બોટલમાંથી એસીડ પી જતા વૃધ્ધાનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.





જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....
ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ



ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

તારીખ : ૧૦/૦૧/૨૦૨૫ (શુક્રવાર)
એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી
તપાસ ફી ૬૦૦/-
NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL Managed by Netra Chikitsa Trust - Amreli (ગોળ હોસ્પિટલ)

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના



લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઇન્ક્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ રવાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
સાવરકુંડલા :
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર પિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : અરવિંદભાઈ દવે - ૯૯૦૪૫ ૨૪૨૬૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૪ ૩૮૪૦૯

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
amreli express
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, કિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા - મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)